શ્રી અંબાજીના પરમ ભક્ત



સ્વ૦ શા. અમીચંદ મોતીચંદ ઝવેરી

ના

જીવન પરિચયના પ્રસંગો વિશેનો સંગ્રહ.

(વર્તમાન પત્રો તથા માસિકોમાંથી ઉતારેલ)

અંબાજીના પરમભક્ત

સ્વ. શ્રી. અમીચંદ ઝવેરી

નો

જીવનપરિચય

અંબાજીના છંદ તથા ચંડીપાઠના સુપ્રસિદ્ધ રચનાર અને સુરતની ધર્મનિષ્ઠ પ્રજામાં 'અમીચંદ કાકા'ના નામે સર્વત્ર પ્રસિદ્ધિ પામેલા શ્રી અંબામાતાજીના પરમ ભક્ત સ્વ. શ્રી. અમીચંદ મોતીચંદ ઝવેરીનાં જીવનનો સંક્ષિપ્ત પરિચય અત્રે રજુ કરીએ છીએ.

શ્રી. અમીચંદ મોતીચંદ ઝવેરીનો જન્મ દશા શ્રીમાળી જૈન વણીક જ્ઞાતિમાં સુરતમાં સંવત્ ૧૯૦૨ના આસો વદ ૧ એટલે સુરત શહેરનું જે એક વિશિષ્ટ પર્વ ગણાય છે તે 'ચંદની પડવા'ના મહા પર્વને દિવસે થયો હતો. એમના જન્મ વખતે એમના કુટુંબની આર્થિક સ્થિતિ સાધારણ સારી ગણાતી. પરંતુ એમની ૧૫ વર્ષની નાની ઉગતી વયમાંજ એમનાં કુટુંબ પર કાળનો કોપ થયો અને એમના માતા, પિતા, કાકા વિગેરે કુટુંબના વડીલો આ ફાની દુનિયાનો ત્યાગ કરી એક પછી એક સ્વર્ગે સીધાવ્યા અને કુટુંબની ધુંસરી હજી તો બાળક ગણાતા અમીચંદને શીરે આવી પડી. આજથી લગભગ

૭૫ વર્ષની આ વાત છે એટલે તે જમાનામાં જ્ઞાતિનાં બંધનો અને રૂઢીઓએ એટલા બધા ઉંડા મૂળીઆં પેસાડી દીધાં હતાં કે તેની સામે કોઇપણ ભાગ્યેજ થઇ શકતું. અને તે વખત એવી માન્યતા જડ થઇ ગઇ હતી કે બાપનું બારમું અને સ્ત્રીનું શ્રીમંત કરવુંજ પડતું. તે જમાનોજ એવો હતો અને સર્વ-કોઈ જ્ઞાતિનાં બંધનો રાજીખુશીથી સ્વીકારતા અને ભાગ્યેજ તેની સામે માથું ઉંચકતા. આમ એક પછી એક કુટુંબીઓ ગત થવાથી બાળક અમીચંદને પોતાના બાપદાદાઓની મિલ્કતને બોજામાં નાંખીને પણ જ્ઞાતિરૂઢીઓને વશ થઇ પોતાનાં ગત સ્વજનો પાછળ જ્ઞાતિજમણો આપવા પડ્યાં, અને પંદર વર્ષ જેટલી નાની ઉંમરે એક ભાઈ તથા બે બ્હેનના ભરણપોષણનો બોજો પણ એમને શીરે પડ્યો. પણ સાહસિક અને ખંતીલા અમીચંદ તેથી કાંઇ ગભરાઈ જાય તેમ નહોતું. દરેક કઠણ પ્રસંગે તેઓ પોતાની ઈષ્ટદેવીની પ્રાર્થના કરતા અને માતાજીની કૃપાથી તેમની દરેક મુશ્કેલીઓનો અંત આવી જતો. નાન-પણથીજ એમને ઈષ્ટશક્તિ અંબાજી પ્રત્યે અનન્ય ભાવ અને શ્રદ્ધા હતાં.

ધંધાની શોધ.

એમના બાપદાદાનું અસલ ઘર આમલીરાનમાં નર્મદ ચકલા આગળ આવેલું છે. શ્રી. અમીચંદે પોતાના પિતાશ્રીનાં અવસાન પછી ભાતના દલાલને ત્યાં કામકાજ કરવા માંડયું અને પોતાના કુટુંબનો નિર્વાહ ચલાવતા. આ સાથે તેઓએ એક શરાફી પેઢીમાં પણ ચીઠ્ઠીપત્રી તથા પાટીનું કામ સ્વીકાર્યું

હતું. આમ થોડો વખત ચાલ્યું, પરંતુ શ્રી. અમીચંદની મહત્વકાંક્ષાઓ સંતોષાય તેમ નહતું અને તેથી વધુ સારી ધનપ્રાપ્તિ થાય તેવા કોઇ અન્ય હુન્નરની શોધ તરફ તેમણે પોતાનું દ્રષ્ટિબિંદુ ઠેરવ્યું.

આજથી લગભગ પોણોસો વર્ષ ઉપર એક જમાનો એવો હતો, કે સમસ્ત હિન્દુસ્તાનમાં બલ્કે સારી દુનિયામાં સુરતના ઝવેરીઓની ખ્યાતિ આગળ પડતી હતી અને સુરતની જૈન કોમમાં જેટલા ઝવેરીઓ પાક્યા છે તેટલા ભાગ્યેજ બીજી કોમોમાં હશે. સુરતમાં તે અરસામાં ઇચ્છારામ હીરાઘસુ નામના એક કીસબી કારીગર આમલીરાનમાં રહેતા હતા. શ્રી. અમીચંદ તેમની પાસે બેસતા અને હીરાઘસુનો હુન્નર શીખી લેવાની મનમાં આકાંક્ષા સેવતા, પરંતુ ઇચ્છારામ હીરાઘસુ પોતાનો હુન્નર કોઇને શીખવી પોતાની મહત્તા ઓછી કરવા તૈયાર નહોતા. છતાં બાળક અમીચંદે પોતાની ખંત અને ચતુરાઇથી એ હુન્નર કેવી રીતે હસ્તગત કર્યો તે બીનાની પણ આ સ્થાને નોંધ લેવાનું યોગ્ય ધારીએ છીએ. હકીકત એવી છે કે શ્રી. ઇચ્છારામ હીરાઘસુ પોતાની સરાણ પર બેસી કામ કરતા અને પોતાનો હુન્નર કોઇને પણ શીખવતા કે બતાવતા નહિ. આ ધંધો શીખાય તોજ કુટુંબની અને પોતાની ઉન્નતિ થાય એમ શ્રી. અમીચંદને લાગ્યું અને કોઇપણ સંજોગમાં એ ધંધો હસ્તગત કરવાની પેરવીમાં તેઓ પડ્યા. નાનપણથીજ એમની બારીક અવલોકન શક્તિ હતી, એટલે તેમણે ઇચ્છારામ હીરાઘસુનાં જેવાંજ અંગુર તથા સરાણ વિગેરે સાધનો લુહાર

પાસે તૈયાર કરાવી પોતાની નવી સરાણ પર તુવેરની દાળ તથા કાચના ટુકડાઓ ઉપર પહેલ પાડવાના અખતરાઓ કરવા માંડ્યા. આ તેમના અખતરાઓમાં પણ શ્રી. અમીચંદ ઇષ્ટ-દેવી અંબાજી માતાની આરાધના અનન્ય ભક્તિભાવથી કરતા, અને ધીમે ધીમે પોતાની ઝીણવટ શક્તિથી પોતાના આ નવા હુંન્નરમાં તેમને ફત્તેહ અને યશ પ્રાપ્ત થતાં ગયાં. ધીમે ધીમે માણેક, પોખરાજ અને નીલમ ઉપર પણ પહેલ પાડવાનું કામ તેમણે જાહેર રીતે શરૂ કર્યું, અને ધીમે ધીમે તેમાં પ્રગતિ કરી હીરાઘસુનો ધંધો જમાવવા માંડયો, અને યશ અને લક્ષ્મી બંનેની પ્રાપ્તિ થવા માંડી. આમ લગભગ ૨૦ વર્ષની એમની ઉંમર થઇ હશે એટલામાં ઓરપાડમાં તેમની જ્ઞાતિના એક શ્રીમંત કુટુંબમાં કલ્યાણદાસ નારણદાસને ત્યાં એમનું પ્રથમ લગ્ન થયું. લગ્ન પ્રસંગને બડી ધામધુમથી ઉકેલવામાં આવ્યો. પરંતુ લગ્ન પછી છ મહિનામાંજ તેમનાં પત્નીનું અવસાન થયું, અને પ્રથમ લગ્નના બોજામાંથી હજુ ભાગ્યેજ પત્યા એટલામાં ભૂજબળથી ભાગ્ય પરિક્ષા કરવા નિકળેલા અમીચંદ ઉપર આ નવો ફટકો પડયો. પરંતુ ગમે તે વિપત્તિ સામે તેઓ અંબાજીમાતા ઉપર અખંડ શ્રદ્ધા રાખતા અને પોતાના ધંધામાં મશગુલ રહેતા.

૨૬ વર્ષની ઉંમરે તેમના બીજા વિવાહ તેમના પ્રથમ પત્નીના સગામાં એટલે કલ્યાણચંદ નારણદાસની ભાણેજ અને કલ્યાણચંદ અમાઇદાસની પુત્રી શ્રી. રતનબેન સાથે થયાં. અને લગ્ન થયાં પછી એમનાં કુટુંબની સ્થિતિમાં અને ધાર્મિક

પ્રગતિમાં ઘણો સુધારો થતો ગયો અને જે અમીચંદ અત્યાર સુધી હીરાઘસુ તરીકે ઓળખાતા હતા તે હવે ઝવેરી તરીકે ઓળખાવા લાગ્યા. આજે પણ સ્વ. અમીચંદ મોતીચંદ ઝવેરીની ખ્યાતિ અજાણી નથી. એમનો હીરા માણેક અને ઝવેરાતનો ધંધો ઘણોજ વૃદ્ધિ પામવા લાગ્યો અને અંબાજી માતા પર પણ તેમને પોતાને આસ્થા હજાર ઘણી વધવા માંડી. અને અંબાજી માતામાં સંવત્ ૧૯૨૭ થી દર આશો શુદી ૫ થી ૯ સુધી છંદ બનાવી ગાવાનું શરૂ કર્યું. અને આ તેમનો અચળ નિયમ અને નિશ્ચય કદી તૂટ્યા નહોતાં.

એક પ્રસંગ એવો પણ બનેલો કે તેઓ ઘણા બીમાર હતા છતાં પણ માતાજીના ભાવિક ભક્તો એમને ખુરશીમાં બેસાડીને છંદ ગાવા લઇ ગયા હતા. આટલા બધા એમના છંદો સુરતની આબાલ વૃદ્ધ અને સર્વ કોમોમાં પ્રિય થઇ પડ્યાં હતા.

ઉત્તરોત્તર પ્રગતિ.

શ્રી. અમીચંદના દ્વિતિય લગ્ન પછી તેમને ઉત્તરોત્તર ધનલાભ, ધર્મલાભ અને કિર્તિલાભ મળતો ગયો. પોતાના ઝવેરાતના ધંધામાં લક્ષ્મીદેવીએ પોતાની કૃપાનો કળશ ઢોળવા માંડયો અને પોતાના હીરા, માણેક, મોતી, પન્ના, પોખરાજ વિગેરેના ધંધાની પ્રગતિને અર્થે તેમણે "જન્ના પન્નાની હીરાની ખાણો" સુધીની કપરી મુસાફરીઓ પણ કરી હતી. આમ ધન અને યશ વૃદ્ધિ સાથે કુટુંબમાં પણ વૃદ્ધિ થતી ગઇ. અને શ્રી. અમીચંદ મોતીચંદ ઝવેરીના કુટુંબમાં આજે

એમના ત્રણ પુત્રો શ્રી. ખુબચંદભાઇ (૬૦), શ્રી. ચુનીભાઇ (૫૬), શ્રી. હેમચંદભાઇ (૪૨) અને એક પુત્રી શ્રી. વીજકોરબેન (૪૯) છે. અને પુત્રોને ત્યાં પુત્રો અને પુત્રીને ત્યાં પુત્રો છે. અને પ્રપૌત્ર પણ છે. આવું અલૌકિક કુટુંબ સુખ ભોગવવા તેઓ ભાગ્યશાળી નીવડ્યા છે. આ સઘળા પુત્રોએ પણ આજે પોતાના પિતાની ખ્યાતિમાં વધારો કર્યો છે. એમના વડીલ પુત્ર શ્રી. ખુબચંદભાઇ હાલ નિવૃત્તિ ભોગવે છે અને આંખનું દવાખાનું પણ ચલાવે છે. જેમાં ધનપ્રાપ્તિ કરતાં લોકસેવાનો આદર્શ વધુ સચવાય છે. બીજા પુત્ર શ્રી. ચુનીભાઇએ મોતી તથા ઝવેરાતના ધંધાને અંગે અરબસ્તાન, સીલોન અને એડન સુધીની મુસાફરીઓ કરી હતી. તેઓ સુરતમાં જૈન એન્જીન પ્રિન્ટીંગ પ્રેસના સ્થાપક હતા. અને હાલમાં મુંબઇમાં નટવર પ્રિન્ટીંગ પ્રેસ ચલાવે છે. આ ધંધા કરતાં પણ એક અતિ ચમત્કારિક શોધ તેમણે કરી છે. તેમણે શોધેલી આંખની દવા અને પાઉડરથી હજારો દર્દીઓનાં આંખનાં દર્દો દૂર થયાં છે અને આંખનાં ચશ્માનાં નંબરો ઉતરી ગયા છે. આ માટે તેમની જાહેર તથા ખાનગીમાં પ્રશંશાઓ પણ થઇ છે. અને તેમની આ શોધની ખ્યાતિ છેક મહાત્માજીની કુટિર સુધી પણ પહોંચી હતી. એટલે આ સૌથી સાદા અને નમ્ર ચુનીભાઇએ પણ પોતાની આ શોધથી જનસેવા કીર્તિ અને ધનલાભ સાથે સાથે મેળવ્યાં છે.

ત્રીજા પુત્ર શ્રી. હેમચંદભાઈ પણ આજે ઘણી સુખી સ્થિતિ અને જાહોજલાલી ભોગવી રહ્યા છે. મુંબઇના શેર

બજારમાં તેઓ પોતાનું કાર્ડ ધરાવે છે. અને વીલેપારલામાં પોતાનો બંગલો ધરાવે છે.

આ આખું કુટુંબ લક્ષ્મીદેવીની કૃપા થવા છતાં એ આદ્ય-શક્તિ ઇષ્ટદેવી અંબાજી માતા પ્રત્યેની ભક્તિમાં સહેજ પણ ન્યુનતા આવવા દીધી નથી.

માનપત્ર સમારંભ.

શ્રી. અમીચંદના ચંડીપાઠના છંદ તથા ભેદ અભેદ શક્તિના છંદ સાંભળી મહાત્મા યોગાનંદજી મહારાજ, શ્રી. જનાર્દન વિરભદ્ર પાઠકજી, જાગીરદાર શ્રી તારાશંકર જોશી તથા શા. ચુનીલાલ વ્રજલાલ પઠાણે યોગાનંદજી મહારાજની કથામાં તથા બાલાજીમાં શ્રી. અમીચંદને તેમનાં સીલ્વર જ્યુબીલી (રજત મહોત્સવ)ની ઉજવણી કરી માનપત્ર આપ્યું હતું, તેનો સંવત્ ૧૯૯૫ નાં માગશર શુદ ૨ ને ગુરૂવારે શ્રી. અમીચંદ કાકાએ જે પ્રત્યુત્તર વાંચ્યો હતો તેની નોંધ લીધા વીના ચાલે તેમ નથી. શ્રી. અમીચંદ કાકાએ ભાવપૂર્વક જણાવ્યું હતું કે, મારી આજે ૮૪ વર્ષની ઉમર થઇ છે, તેમાં સ્વપ્નામાં પણ આ માનપત્ર મળવાનું છે એમ જાણતો નહતો. મેં આ ૬૦ વરસ અંબાજી માતાના છંદ નવરાતરમાં ગાયા, ભક્તિ કરી તેમાં નિર્ગુણ સ્વગુણ અને આત્મજ્ઞાની ચંડીપાઠના છંદ ગુજરાતીમાં કરી ગાયા તેમાં એક પણ નવ-રાતર પડયું નથી, તો તે મારી માજીનો પ્રતાપ છે. જેમ રસોઇઓ રસોઇ બનાવે તેલ મસાલો ખુબ નાંખે પણ જ્યાં સુધી મીઠું પડે નહિ ત્યાં સુધી ફીક્કુ લાગે, તેમ મીઠા રૂપી

માજીની મહેરથી છાયા પડે નહિ ત્યાં સુધી વાણીમાં લોકોને પ્રેમ થાય નહિ તેથી જ્યારે માજીની મહેરબાનીથી છાયા પડે છે તેનો લોકોને પ્રેમ ઉત્પન્ન થાય છે. આ માનપત્ર મને નહિ પણ મારી અંબામાને છે કારણ કે મારી બુદ્ધિમાં વધારો કરી કંઠપર આવી એના ગુણ ગવાડે છે ને હું ગાઉં છું તેમાં માનો પ્રતાપ છે. વળી ઘણી હલકી વર્ણો બાધા લઈ ગોત્રજ આગળ બકરાઓનો ભોગ આપતા હતા તે વિષે માતાએ બુદ્ધિ આપવાથી 'દુઃખહરણ' નામની તથા 'સાધુ સમાગમ' નામની મારી ચોપડીઓ વાંચવાથી ઘણા સુધરી ગયા છે. ને હિંસા કરતા બંધ થયા છે. એ પ્રતાપ માજીની ભક્તિનાં છે. આ જોઈ જે કોઈ ભક્તિ રાખી દ્રઢ વિશ્વાસ રાખશે તેનાં કામ માજી સિદ્ધ કરશે.

મુંબઈમાં સંવત્ ૧૯૮૫ના માગશર સુદ ૫ ને રોજ મુંબઈના "ભગવતી મંડળ" તરફથી પણ અમીચંદકાકાને માનપત્ર આપવામાં આવ્યું હતું અને બીજું માનપત્ર શક્તિસેવક મંડળ નડીઆદ તરફથી મુંબઈમાં કાલબાદેવીમાં સંવત્ ૧૯૮૯ ના અસાડ સુદ ૧ ને રોજ પંડ્યા નર્મદાશંકર તથા દેશાઈ મગનલાલ છોટાભાઈ તરફથી માનપત્ર આપવાનો એક સમારંભ યોજાયો હતો. તેમાં દાંતા સ્ટેટના મહારાજાના કાકા શ્રી. નારાયણસિંહ મહારાજ પણ પધાર્યા હતાં. ત્રીજું માનપત્ર મુંબઈવાળા શેઠ નાનાભાઈ મંછારામ તરફથી પણ આપવામાં આવ્યું હતું, આમ અમીચંદકાકાની દેવી ભક્તિનો પ્રભાવ ચોમેર પ્રસર્યો હતો. એમ આ માનપત્રનાં સમારંભનો સૂર સ્પષ્ટ કથે છે.

અંબાજીમાં ટકોરખાનું.

શ્રી. અમીચંદકાકાએ માતાજી પ્રત્યેનો પોતાનો અનન્ય ભક્તિભાવ અવિચળ કાયમ રાખવા સંવત્ ૧૯૫૫ ના આસો વદ ૧૦ ને દિવસે સુરતમાં અંબાજી માતામાં ટકોરખાનું બંધાવી શ્રી. અંબાજીને અર્પણ કર્યું છે. અને ટકોરખાનાના કાયમના નિભાવ માટે દુકાનોનું ભાડું આવે એવી વ્યવસ્થા કરી છે.

જન્ના પન્નાની ખાણોમાં.

આ પ્રસંગ ઉપરથી પણ વાંચકોને ખાત્રી થશે કે શ્રી. અમીચંદ કાકાને માતાજી પર કેટલી અનન્ય શ્રદ્ધા હતી. એક પ્રસંગે તેઓ જન્નાપન્નાની ખાણોમાં હીરાના વેપાર અર્થે ગયેલા ત્યારે જે ચોબાને ત્યાં તેઓ ઉતરેલા તે ચોબાના ઘરમાં સ્ત્રીને ભૂતપ્રેત વળગ્યું અને ભૂતપ્રેતની શાંતી અર્થે ભૂવા જતી પણ બોલાવ્યા પરંતુ તે બધા યત્નો વ્યર્થ ગયા. કહે છે કે શ્રી. અમીચંદ કાકાએ પોતાની ઇષ્ટદેવી અંબાજી માતાનું સ્મરણ કરી એક પ્યાલામાં પાણી લીધું અને તે ચોબાની પત્નીને પાયું અને બાઇની પ્રકૃતિ એકદમજ સુધરી અને આ ખરેખર એક ચમત્કાર ગણાયો!

બીજો ચમત્કાર.

બીજો ચમત્કાર કહે છે કે એવો બન્યો હતો કે શ્રી. અમીચંદકાકા એક વખત ઘણાજ બીમાર પડ્યા તેમને ભગંદરનું દર્દ થયું અને ભગંદરનું ઓપરેશન કરાવ્યું પણ ડાકટરોએ બીજીવાર ઓપરેશન કરવાની સલાહ આપી અને બીજું ઓપરેશન નહિ થશે તો તબીયત ગંભીર થશે એમ

જણાવ્યું. શ્રી. અમીચંદકાકાએ રાતના પોતાની ઇષ્ટદેવી શ્રી અંબાજીમાતાની સ્મૃતિ કરી અને બીજી સવારે ઓપરેશન કરવા તૈયારી માટે કંપાઉન્ડર નવનીતલાલ તથા સીવીલ સરજ્યન ડાકટર મણિલાલ બ્રહ્મખત્રી આવીને જુએ છે તો દર્દીને એકદમ આરામ થઇ ગયો હતો અને ઓપરેશન કરવાનું બંધ રહ્યું. શ્રી. નવનીતલાલ (જેઓ હરીપુરા કોંગ્રેસ વખતે કોંગ્રેસ હોસ્પીટલમાં સેવા બજાવતાં સ્વર્ગવાસી થયા હતા)શ્રી સ્હેજે બોલી જવાયું કે એ તો માજીનો ચમત્કાર થયો! આ પણ એક અતિ ચમત્કારીક ઘટનાજ કહેવાય.

મોટી અંબાજી સંઘ ગયો.

શ્રી. અમીચંદકાકા અંબાજીના પરમ ભક્ત હતા. અને તેમની કીર્તિ આરાસૂરવાળા અંબાજી માતાના અનન્ય સેવક શ્રી. દાંતા નરેશ સુધી પહોંચી અને તેમણે શ્રી. અમીચંદ કાકાને પોતાના ભકત સંઘ સાથે મોટા અંબાજી પધારવા આમંત્રણ આપ્યું. અને સુરતથી સંઘ નીકળ્યો અને તેને માટે દાંતા નરેશે કોઇ રાજવંશી મહેમાન પધારતો હોય તેટલી બધી મહેમાનગીરી કરી. અને શ્રી. અંબાજી માતાને મંદિરે સંઘ પહોંચ્યો ત્યારે લગભગ બપોરે બે વાગ્યા હશે; છતાં પણ શ્રી. અંબાજી માતાનાં દ્વાર તેનાં આ અનન્ય ભક્ત તથા મંડળી માટે ખુલી ગયાં હતાં. ખુદ દાંતા નરેશને માટે પણ જે પ્રથાનો ભંગ થતો નથી, તેટલું માન શ્રી. અમીચંદ કાકાને મળ્યું અને અંબાજી માતાનાં દ્વાર તેમને દર્શન દેવા માટે બપોરે પણ ખુલી ગયાં હતાં! ખરેખર, આ પણ એક ચમત્કારીક ઘટનાજ

કહેવાય! અને શ્રી. અમીચંદ કાકાની વિનંતિથી શ્રી. દાંતા નરેશે જૈનો પાસેથી લેવાતો † મુંડકા વેરો પણ માફ કર્યો. આ બનાવ પણ જૈન જગત માટે એક ચમત્કાર સમોજ લેખાય!

આંખો સારી થઇ.

એક પ્રસંગે શ્રી. અમીચંદ કાકાની આંખો દુઃખવા આવી અને ડાકટરોએ આંખ માટે નિરાશાજનક અભિપ્રાય આપ્યો. શ્રી. અમીચંદ કાકા ઘણાજ મુંઝાયા અને અંબાજી માતા સમક્ષ જઇ ઘણું કરગરી પડી, આખી રાત છંદ રચી ગાયો (જે છંદ પાછળથી છપાયો છે) અને મળસ્કે તેમને માતાજીનો સાક્ષાત્કાર થયો, જે આંખો માટે ડાકટરોએ આશા છોડી હતી તે અસલ જેવી થઇ ગઇ. અને ત્યાર પછી તો ઘણા છંદો રચાયા. આમ શ્રી. અમીચંદ કાકાને સ્વપ્નામાં માતાજીનાં દર્શન થતાં અને તેમની કૃપા વડે તેઓ પોતાના છંદો રચતા.

શ્રી. અમીચંદ કાકાને જ્યોતિષનો પણ ભારે શોખ હતો અને તેઓ જે પ્રશ્નોમાં જોશીઓ ગોથાં ખાતા તેવા પ્રશ્નોમાં જોશીઓને પણ સલાહ આપતા.

લગ્ન પ્રસંગે અંતકાળ.

શ્રી. અમીચંદ કાકા ૯૩ વર્ષની વયે ચાલુ સાલના મહા વદ ૧૦ ને સોમવારને રોજ બપોરે બે વાગે સ્વર્ગવાસી થયા. બીજા દિવસે તો તેમના પુત્ર ચુનીલાલના પુત્ર ઇશ્વરલાલનો લગ્ન પ્રસંગ હતો અને ભાગ લેવા માટે તેમનું સમસ્ત કુટુંબ

---

† મુંડકા વેરા ઉપરાંત જૈનો પાસેથી માણસ દીઠ જે ૬ આના કર લેવાતો હતો તે માફ કર્યો છે, તે વીશે જુઓ પાને ૧૩ મે.

સુરત આવ્યું હતું. એટલે પોતાનાં પુત્રો, પુત્રી, પુત્રોનાં પુત્રો અને પુત્રીનાં પુત્ર પુત્રીઓની હાજરીમાંજ સ્વ. અમીચંદ કાકાએ પોતાનો દેહ તજ્યો. શ્રી. અમીચંદ કાકાએ મૃત્યુ સમયે એવી ઈચ્છા પ્રદર્શીત કરી હતી કે મારા રચેલા અંબાજીના છંદ તથા ચંડીપાઠના ભજનોમાંથી મેં કદી પણ દ્રવ્યલાભનો આશય રાખ્યો નથી અને ભવિષ્યમાં પરોપકારાર્થે જે કોઈ એ ભજનો અને છંદો છાપશે યા છપાવશે તો તેમાં મારા વારસો પોતાની સંમતિ જરૂર આપશે.

અંબાજી માતાના આ પરમ ભક્ત શ્રી. અમીચંદકાકા આજે આપણી વચ્ચે નથી છતાં પણ જ્યાં સુધી એમનાં રચેલાં અંબાજીનાં છંદ તથા ચંડીપાઠના સ્તોત્રો સુરતના ધર્મપ્રિય પ્રજાના કંઠે રમી રહ્યાં છે ત્યાં સુધી શ્રી. અમીચંદ કાકા પણ અમરજ છે!

સુરતના **"દેશીમિત્ર"** રવિવાર તા. ૫–૩–૩૯ માંથી
ઉતારો— પાનું ૧૭ થી ૨૦.



Add-
ANOH
dabad

17

SHETH ANANDJI KALIANJI

REPRESENTING

ALL INDIA SWETAMBER MURTIPUJAK JAINS

Telephone No. [illegible]

શેઠ આણંદજી કલ્યાણજી.

હિંદુસ્થાનના સમસ્ત શ્વેતાંબર મૂર્તિપૂજક જૈન કોમના પ્રતિનિધિ.

ઝવેરીવાડ; પો. બો. નં. ૫૧.

અમદાવાદ, તા. ૨૦ માહે ૨ સને ૧૯૩૪

સંવત ૧૯૮ [illegible]

[illegible]

ઠે. [illegible]

મુ. [illegible]

વિ. [illegible]

[illegible]

[illegible]

[illegible]

[illegible]

[illegible]

[illegible]

[illegible]

[illegible]

[illegible]

Tele. Address: "SHREE SANGH" Ahmedabad.

SHETH ANANDJI KALIANJI

Telephone No. 417

REPRESENTING

ALL-INDIA SWETAMBER MURTIPUJAK JAINS.

શેઠ આણંદજી કલ્યાણજી.

હિંદુસ્થાનના સમસ્ત શ્વેતાંબર મૂર્તિપૂજક જૈન સંઘના પ્રતિનિધિ.

ઝવેરીવાડ, પો. બો. નં. ૧૧.

જાવક નં. ૭૨૬

અમદાવાદ, તા. 17 માહે 1 સને 1934

સંવત 19૯૦ ના

ઝવેરી લાલચંદ મોતીચંદ

મુ. સુરત

વિ. રાંદેરના ગામના [illegible] પેઢી સાહેબ [illegible] જમાનાથી કરવા માંડેલો નવો પાણીનો કર માફ કરવા બાબતના તમારા પત્રના સાથેના મ્યુનિસિપાલિટીના પત્રની નકલ રવાનો તમારો તા. ૨૦-૧-૩૪ નો પત્ર મળ્યો.

આપણી પાણીનો ઉપરોક્ત કર માફ કરવામાં તમારા મ્યુનિસિપાલિટીના [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] માટે તમને [illegible] [illegible] [illegible] [illegible] [illegible] તમારી [illegible] [illegible] [illegible] [illegible].

તમારી સૂચના મુજબ આ કર માફ કરવા માટે [illegible] [illegible] [illegible] [illegible] પત્ર લખ્યો છે અને [illegible] તેની [illegible] માટે [illegible] [illegible] [illegible] [illegible] પત્ર [illegible] [illegible] તે [illegible] તમારો [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible]

[illegible]
2?-1-34

[illegible] (signature)

RAI BUDREE DAS BAHADOOR & SONS
MOOKIMS & COURT JEWELLERS
DIAMOND PRECIOUS STONE PEARL AND CURIO MERCHANTS
TELE. ADDRESS: "BAHADOOR" CALCUTTA
TELEPHONE B B 1408

MOOKIMS' JAIN TEMPLE GARDEN,
SYAMBAZAR.
Calcutta, ... २ ... 1928.

श्रीयुत सेठ अमीचन्दजी मोतीचन्दजी
गोपीपुरा सूरत

मान्यवर महाशय,

बंगाल के श्वेताम्बर संघ के प्रतिनिधि की हैसियत से मैं यह पत्र आपकी सेवा में भेजता हूँ और आपको निवेदन करता हूँ कि —

फागुन वदी ७ मंगलवार ता. ६-२-२८ ई० को बंगाल के श्रीसंघ की मीटिंग यहां पर हुई उसमें ठहराव हुआ कि श्री कुंभारिया जी से श्री आबूजी जाने वाले जैन यात्रियों से जो दाता नरेश रु. १७ ह. आना प्रत्येक यात्री वसूल करते थे और आपके प्रयत्न से वह अब उन्होंने मुआफ कर दिया है और वसूल नहीं किया जाता है उसके लिये दाता नरेश को व आपको धन्यवाद का पत्र भेजा जावे, अतएव सहर्ष आपको लिखा जाता है कि आपने जो इस कर को मुआफ कराने में अपना अमूल्य समय खर्च कर संघ की और धर्म की सेवा की उसके लिये हमलोग आपको धन्यवाद देते हैं और इसके लिये समाज आपकी अति आभारी है।

भवदीय
राजकुमार सिंह

નગરશેઠ હાઉસ નાણાવટ

સુરત તા. ૧૯-૯-૧૯૩૪

મહેરબાન રા. રા.

શેઠ અમીચંદ મોતીચંદ ઝવેરી.

મુ. સુરત.

સંઘપતી બાબુભાઇ ગુલાબભાઇ નગરશેઠ તરફથી જય જીનેન્દ્ર સાથે લખવાનું કે આપે નેકનામદાર મહારાજાધિરાજશ્રી મહારાણાશ્રી ભવાનસિંહજીને પ્રસન્ન કરી જાત્રાએ જતા જૈન યાત્રાળુઓ પાસેથી માથા દીઠ ૭ આના મુંડકા વેરો લેવાતો હતો તે માફ કરાવ્યો. તેથી અત્રેનો શ્રીસકળસંઘ તા. ૧૮-૯-૩૪ને રોજ મળ્યો હતો. તેમાં નીચે મુજબનો ઠરાવ [illegible] કર્યો છે. તે આપની જાણ સારૂ લખી મોકલ્યો છે.

ઠરાવ

" શ્રીસુરતનો સકળ સંઘ ઠરાવ કરે છે કે ઘણા વખતથી અંબાજી કુંભારીઆજી ની જાત્રાએ જતા જૈન જાત્રાળુઓ પાસેથી મુંડકા વેરાના ૭ આના વધારાના કર તરીકે લેવામાં આવતા હતા. પણ આપણા સુરતના રહીશ શેઠ અમીચંદ મોતીચંદ ઝવેરીએ દાંતાના મહારાણા ભવાનસિંહજીને પ્રસન્ન કરી માફ કરાવ્યો છે તે બદલ આ સંઘ તેમને આભાર સહીત અભીનંદન આપે છે. "

શ્રી નગરશેઠ એન્ડ કંપની સુરત.

નંબર
૨૨૮

[illegible]

રા. રા. [illegible]

જત લખવાનું કે [illegible]

[illegible]

[illegible]

[illegible]

[illegible]

[illegible]

[illegible]

નંબર $\frac{૫૨}{૬-૧-૩૮}$ [illegible]

[illegible] તારીખ ૧૩ [illegible]

Natwarsinghji

મહારાજશ્રી
શ્રી [illegible]

શ્રી અંબિકાના પરમ ભક્તરાજશ્રી

શ્રી. અમીચંદ મોતીચંદ ઝવેરીનું

સ્વર્ગગમન.

આ ભક્તરાજશ્રીનો જન્મ સંવત્ ૧૯૦૨માં થયેલો તેઓ સુરત શહેરના વતની હતા. ભગવતી પ્રત્યે તેમની પૂર્ણ શ્રદ્ધા પ્રેમની જાગૃતિ બાલ્યાવસ્થામાંથીજ થયેલી હતી. જેમ બાલાના પરમ ભક્ત શ્રી વલ્લભભટ્ટ અભણ છતાં ભગવતીના સાક્ષાત્કારથી વિદ્વતા ભરેલાં અજોડ કાવ્યો રચી ગયા તેવીજ રીતે આ ભક્તશ્રીએ અનેક છંદ કાવ્યો રચી શક્તિજગત પર મહાન ઉપકાર કર્યો છે.

દસ વર્ષપર મંડળ સમયની પ્રવૃત્તિ સમયે મુંબાઇ ખાતે પ્રવચન કરવા ગયેલ ભાઇશ્રી કેશવલાલને તેમના પ્રથમ સમાગમ થયેલો. આ પ્રસંગે તેમણે ભગવત-ભગવતીની ઐકયતાનો પ્રશ્ન કરેલો તેના જવાબમાં ભકતરાજે એવો સચોટ પ્રત્યુત્તર આપેલો કે, "ભગવાન ને ભગવતી એક ખરાં પરંતુ તે સ્ત્રી-પુરૂષના સંબંધ તરીકે નહિ પણ ભગવતી એટલે ભગવતનાથી યે પહેલી એટલે તે તેની જનેતા. તે વીણી ગઈ, થઈ ગઇ તેથી તે ભગવતી."

ભગવતીની આ સમજ શક્તિ જગત માટે ખરેખર ઉમદા નીવડી. સમગ્રની કર્તા તે માતાનું શ્રેષ્ટપણું. વિશાળ દ્રષ્ટિએ નિહાળતાં આજે માઇ સ્વરૂપે ઓળખવામાં આવ્યું.

જાહેર સભામાં ભકતરાજશ્રીએ છંદની શરૂઆત કરતાં તેમના ભાવનાશાળી ઓજસભરેલા મુખારવિંદપર સાચી શકિત

વાસની જે રેખાઓ તરી આવતી હતી તે જોઈને ભલભલા રાજવીઓ તથા શ્રીમંતો તેમના ભકતરાજશ્રીના ચરણે પડી તેમની કૃપા પ્રસાદી મેળવવા લાગ્યા. જગદંબાના માતૃપ્રેમથી ઉભરાઈ જતું તેમનું અંતર કેશવલાલે પ્રત્યક્ષ નિહાળ્યું હતું. ભક્તિરસથી છલકાતું, અપૂર્વ ઓજસથી ભરાતું તેમનું હૃદય અને ઉર્મિ જેમણે એક વખત નિહાળ્યાં છે તે તો જીવનભરમાં કદી ભૂલે એમ નથી.

આ ભકતરાજશ્રીને જગદંબાનો સાક્ષાત્કાર હતો પછી તેમનું જીવન કેટલું દેદિપ્યમાન અને સુખ-સમૃદ્ધિમાં વિત્યું હશે તેની કલ્પના કરવાની હોયજ ક્યાંથી? માની કૃપાથી તેઓશ્રીએ પરોપકારનાં અને સેવાનાં અગણિત કાર્યો કર્યાં છે જેથી શક્તિ-જગતનો એ સિતારો આજે ભલે પૃથ્વીપટેથી સરી ગયો છે પરંતુ શક્તિ-પ્રેમીઓના અંતરપટેથી કદી યે નહિ ખસે!

તેઓશ્રી ૯૩ વર્ષનું લાંબુ આયુષ્ય ભોગવી સંવત્ ૧૯૯૫ના માઘ વદી ૧૦ ને સોમવારના રોજ ભગવતીના ચરણ સમીપમાં સદાને માટે બીરાજી ગયા છે.

માના લાડીલા પુત્રને તો ત્યાં શાંતિજ હોય છતાં લૌકિક રીતે આપણે માની પ્રાર્થના કરી શકીએ કે તેમના અમર આત્માને શાંતિ અર્પે.

માઇ સેવક,
શા. સોમચંદ અંબાલાલ.

નડિઆદના "શક્તિ" માસિકના
તા. ૩-૫-૩૯ ના અંકમાંથી ઉતારો-પાનું ૩૩૭.

મહાન દેવી ભક્ત અમીચંદના જીવનની
એક યાદગાર રજની

"એ દિનોની યાદી" શ્રી માણેકલાલ શંકરલાલ રાણાં

આજે વિક્રમ સંવત્ ૧૯૯૩ ની આશ્વિન સુદ ૮ એટલે દુર્ગાષ્ટમી હતી. સુરતના શ્રી અંબાજીમાતાના મંદિરના ચોકમાં છેક સવારથી છલકાઈ જતું માઇપ્રેમી ભક્તજનોનું દર્શનાભિલાષી પુર, સંધ્યા થયા છતાં હજુ સમ્યું ન હતું. આખરે માતાની આરતીનો વખત થયો. હંમેશના નિયમસર હાજર રહેવાવાળા આરતીના અનુરાગીઓએ ધસારો કરી મંદિરના ચોકમાં બેસી ગયા. "શ્રી અંબેમાતકી જય"ના ભિષણ જયનાદ સાથે ભક્તજનોના કંઠમાંથી:

"જય આદ્યા શક્તિ મા જય આદ્યા શક્તિ;
અખંડ બ્રહ્માંડ ઉપજાવ્યા (૨) પડવે પંડે મા.
જયો જયો મા જગતઅંબે."

આરતી સમાપ્ત થઇ. ભક્તોએ માજીના છંદ ગાવા શરૂ કર્યા. આજે એ ગાયકવૃંદોના હૈયાં પરમ આનંદમાં નૃત્ય કરતાં હતાં. કેમકે તેઓ જેના છંદ ગાતા હતા, તે છંદોના કર્તા આજે સાક્ષાત્ તેમની સમક્ષ પધારવાના હતા. આસપાસ ઉભેલી જનતા પણ તેજ પ્રમાણે આતુર નયને કોઇના આવવાની રાહ જોતી કાગનાડોળે ઉભી હતી. ઘડી ઘડીએ "એ આવ્યા,

ભકતરાજ આવ્યા"ની બૂમો પડતાં સઘળી માનવમેદની ખળભળાટ મચાવી મૂકતી.

જનતા જેના આવવાની માર્ગપ્રતિક્ષા કરતી હતી તે મહાન ભિભૂતિ તે દેવીના લાડીલા ભકતરાજ શ્રી અમીચંદ હતા. જેને સારૂં સુરત શહેર "અમીચંદકાકા"ના નામથી ઓળખતું હતું. આટલી વૃદ્ધ ઉંમરે પણ તેમણે દર વર્ષે § આશ્વિન સુદ અષ્ટમીએ માતાના મંદિરમાં જઇ ચંડીપાઠ તથા છંદો ગાવાના ટેકને પ્રાણાન્તે પણ જાળવી રાખ્યો હતો.

ભકતરાજ અમીચંદની વય અત્યારે નેવું વર્ષની હતી. અવસ્થાએ તેમના શરીરનાં ગાત્રો શિથિલ થઈ ગયાં હતાં. છતાં એ જગતજનુની પ્રત્યેની પ્રેમભાવના હજુ મંદ પડી ન હતી. જેમ મરણ પથારીએ પડેલા રોગીને વૈદ તથા તેની ગુટિકા પોતાને મૃત્યુના મુખમાંથી ઉગારી લેવા આવેલા દેવદૂત સમી લાગે, તેમ આટલી બધી વૃદ્ધાવસ્થાએ આવી પહોંચ્યા છતાં ભકતરાજના માતૃપ્રેમમાં ન્યુનતા આવવાને બદલે દિનપ્રતિદિન વૃદ્ધિગંત બન્યો હતો. સાઇઠ સાઇઠ વર્ષો સુધી પોતાના ટેકને અડગતાથી જાળવી રાખી અનેક સંકટો સાથે યુદ્ધ આદરી આટલી બુઝરંગ વયે ભકતરાજ માતાના મંદિરે આવી ચંડીપાઠ કરવા ચુકતા નહિ. "પ્રાણાન્તે જાળવી રાખેલો ટેક હવે નહિ રહે!" એવી પરિસ્થિતિ ઉપસ્થિત થયેલી જોઈ ભકતરાજના હૃદયમાં આત્મકલ્પાંત મચી રહ્યો હતો. માનવના જીવનમાં જો કાંઇ બહુમૂલી ચીજ હોય તો તે એક તેનો ટેકજ છે. હાય વર્ષોથી અથાગ પરિશ્રમે સંગ્રહ કરેલો

§ આશ્વિન સુદ ૮ને બદલે ચાર દિવસ ૫, ૬, ૭ અને ૯ એમ ચાર દિવસ જતા હતા.

બહુમૂલી રત્નાગર જ્યારે પોતાની આંખો સમક્ષ જ લૂંટાઈ જાય ત્યારે તેના સંગ્રાહકની વેદના કેટલી દારુણ બને? ખરેખર એ દશ્ય અવર્ણીય અને અસહ્ય છે.

*   *   *   *

પોતાના ઘરના એક રૂમમાં પડ્યા પડ્યા ભક્તરાજ અશ્રુ-પ્રવાહથી પોતાના જર્જરિત દેહમાં ઉંડે ઉતરી જતી આંખોને પુનઃપુનઃ એ પશ્ચાત્તાપની પતિતપાવની ગંગામાં સ્નાન કરાવી રહ્યા હતા. પોતાનો એ સાઇઠ વર્ષનો ટેક 'આજે નહિ રહે!' એ દર્દમય દશ્ય તેમનું હૃદય ચીરી નાખતું હતું. ભક્તરાજનો પોતાનો ટેક પ્રત્યેનો પ્રેમ અને અડગતા એક છંદમાં હજુ એમની એમ પ્રકાશી રહી છે.

"જીવતા યશ આપો દુનિયામાં, જાય હમારો ટેક નહિ;
સદા સરણમાં પાસ રાખો, મારે તુમ બીન કોઇનું કામ નહિ."

જ્યાંસુધી દેહમાં પ્રાણ છે, ત્યાંસુધી તો ટેક ન જવા દેવો; ભલે પ્રાણ જાય પરંતુ પોતાનો ટેક અચળ રાખવો એવા નિશ્ચયમાં અડગ ભક્તરાજ મૌન બની માતાની સ્તુતિમાં અશ્રુમય આંખે લયલીન બન્યા.

એજ રૂમમાં કેટલાકો દિવસ વ્યતિત થઈ ગયા હતા. છેવટે ભક્તરાજે ડોકટર પ્રત્યે પોતાની અંતિમ ઇચ્છા દર્શાવતાં ખુલ્લું જણાવી દીધું કે, "અંબાજીમાતાના મંદિરે જવાનો મ્હારો ટેક શરીરમાં પ્રાણ હશે ત્યાંસુધી નહિ છોડું." ભક્તશ્રીની મનો વેદના જાણી ડોકટરે માથામાં ટપલા માર્યા. આવી અસહ્ય વેદનામાં ગરકાવ

થયેલા પરમભક્તશ્રી પોતાની દેવી પ્રત્યેની શ્રદ્ધામાં જીવન પર્યંત એમના એમજ અચળીત રહેશે! ડોક્ટર તેમની અટંકી ભાવના આગળ ગદ્‌ગદીત બન્યા.

"દાદા! આપનાથી માતાના મંદિરે જવું બીલકુલ અસંભવિત છે." ડોક્ટરે નિરાશા દર્શાવતાં એક ઉંડો નિશ્વાસ નાંખ્યો. "એ જગતજનુનીના ચર્ણાવિંદમાં ગમે તેવી ભગીરથ અને અસંભવિત ઘટના પણ સંભવિત છે. એમાં લેશ પણ સંશય નથી." ભક્તરાજની અચળ મનોવૃત્તિના વેગને ડોક્ટર આધીન થયા. તેઓ પણ તેમના એ પ્રાણાન્તે જાળવી રાખેલા ટેકને તોડી શકવા શક્તિમાન ન જ થયા. આખરે એ નેવું વર્ષના ગહન કાળાવધિમાં અનેક પ્રહારો સહન કરીને બીલકુલ જર્જરિત બનેલા ભક્તરાજના દેહને ખુરસીમાં નાંખી મંદિરે લઇ જવામાં ડોક્ટરે સહાનુભૂતિ આપી.

* * * *

આજે એ દુર્ગાષ્ટમીની પવિત્ર રાત્રિ હતી, લોકો આ મહાન્ દેવી ભક્તના આવવાની માર્ગપ્રતિક્ષા કરતા આંખો દુખવતા હતા. કેટલાકોએ તેમની આવી સખ્ત માંદગીના સમાચાર સાંભળીને તેમના આવવાની આશા મૂકી દીધી હતી. આશા અને નિરાશાની દોર ઉપર ઝોલા ખાતી મેદની વચ્ચે અચાનક હોર્ન વગાડતી મોટર બસ આવી પહોંચતાં જ શોર મચ્યો. ભક્તનો સત્કાર કરવા માનવોના હૈયાં હચમચી ઉઠયાં. કોઇ ભાંગી ગયેલી બહુમૂલી ચીજને જેમ જતનપૂર્વક ઉઠાવી લેવામાં આવે તેમ બસમાંથી ભક્તરાજની ખુરશીને

બહુજ આસ્તેથી ઉંચકીને બહાર કાઢવામાં આવી. તે વખતે હું પણ ત્યાં હાજર હતો. મ્હારા જીવનમાં આ પરમ દેવી-ભકતનાં દર્શન પહેલાં અને છેલ્લાં કહું તો વાસ્તવિક છે, કેમકે ત્યાર પછી ભકતશ્રીને મ્હેં આંખોએ નથી જોયા.

ભકતરાજની અવસ્થા નિહાળતાંજ મ્હારા અંતરમાં કલહ જાગ્યો, કેમકે ભકતશ્રીમાં એટલી પણ શકિત ન હતી કે તેઓ પોતે યથેચ્છે હલનચલન કરી શકે ?

કોઈ કલાકારે કાચી માટીમાંથી કોઇ અજબ કળા ઘડી નાખી હોય અને તેને જતનપૂર્વક અમૂક સ્થાને ગોઠવવામાં આવે તેમ ભકતશ્રીની દેહને એક બાંધેલી ગાંસડી જેમ ઉંચકીને મંદિરના મધ્ય ભાગમાં તૈયાર કરેલી મુલાયમ ગાદી ઉપર અઢેલીને બેસાડવામાં આવી. મંદિર બહારનો માનવ સમુદાય મંદિરમાં સમાઇ જવા અધિર બન્યો, અંતે એ ધક્કામૂકીની પડાપડી શાન્ત પડી છતાં હજુ મ્હારા અંતરનો ઉત્પાત સમ્યો ન હતો. મ્હારૂં અંતઃકરણ એજ વાતમાં પ્રજળતું હતું કે, "આવા મહાન્ દેવીભકતને પણ આવી દર્દમય જરાવસ્થા આવી ? અને તે પણ આવી અસહ્ય અને ત્રાસદાયક ?" એક પ્રાચીન કવિના કાવ્યમાં અશ્રુસારતી યૌવનની નશ્વરતા યાદ આવી.

"કોને કહીએ દીલડાંકેરી વાત, હાલો હંસરાજા,
જોબન કીધાંરે મ્હારાં જાજરાંરે."

આખરે એ યૌવનનો રંગ નશ્વર બનાવ્યો છતાં ઘડપણ શા માટે આપ્યું ? તે વિષે એક ભકતકવિએ સચોટ ભાવના વ્યકત કરી છે.

"ઘડપણ કોણે મોકલ્યું રે, જાણ્યું જોબન રહેશે સહુ કાળ;
ઘડપણ મોકલ્યાં રે, જાણ્યું જોબન રહેશે સહુ કાળજી."

માતાની દિવ્ય પ્રતિમા તરફ એકી નિગાહે આંખો મિલાવી જેમ પોતાની વ્હાલી માતાથી ઘણા સમયથી વિખુટા પડેલા બાળકને એ માતા પુનઃ મળે ત્યારે એ બાળ ભાન ભૂલીને માતાના હૃદયમાં સમાઇ જવા અધીર બની એ માતાથી પુનઃ વિખુટો ન પડવાનો? નિશ્ચય કરતો બાળક ફરી ફરીને માતાને એજ પૂછી રહે છે, "મા! તું ક્યાં ક્યાં ગઇ'તી ? મા!........"

પોતાની એ ખોવાઇ ગયેલી માતા પુનઃ પ્રાપ્ત થઇ હોય, તેમ ભક્તરાજની આંખો માતુશ્રીની દિવ્ય પ્રતિમાના દર્શનમાં તદ્રુપ બની એ જગતજનનીનાં ચર્ણાવિંદમાં પોતાના કૃત્યોની ક્ષમા યાચી રહી.

અનેક તર્ક-વિતર્કોના વમળમાં ગોથાં ખાધા છતાં મ્હારા ઘવાએલા હૃદયને શાંત્વન ન મળ્યું. ભકતરાજની બેઠકથી આશરે બે ત્રણ ગજના છેટે માનવમેદનીમાં સ્થિર બેસી સંતની મુદ્રા નિહાળી આંખો ભીંજવી રહ્યો હતો; છતાં મ્હારા અસ્થિર અને બેચેન હૃદયને ચેન પડતું ન હતું. પુનઃ પુનઃ એની એજ વાતો યાદ આવતી "એ માતાના હૃદયમાં એટલી પણ દયા નહિ હશે, કે પોતાના આવા લાડીલા અને વ્હાલસોયા ભકતને પણ આટલી હદે એ જરાવસ્થા દુઃખમય નિવડે?" ભકતશ્રીની અવસ્થા નિહાળતાં મ્હારી અજ્ઞાન મનોવૃત્તિ સાથે મારી પાણી આંખો એ માતુશ્રીની દિવ્ય પ્રતિમા તરફ તાકી રહી. ફકત એટલુંજ કહેવા મથતી હતી કે, "માતા તું આટલી બધી નિર્દય કેમ બની?"

પોતાના એ લાડીલા અને વ્હાલસોયા પુત્રની પરિસ્થિતિ નિહાળતાં જાણે એ કૃપાસાગર માતાનું હૃદય પણ કલ્પાંત કરી ન રહ્યું હોય! તેમ એ દિવ્ય પ્રતિમા કરૂણતા ધારણ કરી રહી છતાં મ્હારા અજ્ઞાન હૃદયમાં પ્રજળેલો કલહાગ્નિ શાન્ત ન થયો, હું તે જવાળા-માં દાઝતો લમણે હાથ મૂકી નીચી નજરે બેસી રહ્યો હતો, ત્યાં અચાનક "અંબેમાતકી જય"ના જયનાદની ઘોષણા સાથે જાણે કોઇ બાળક અત્યંત ઝીણા અને મધુરા સ્વરે ગીત લલકારે તેમ ભક્તરાજના આટલી બધી અવસ્થા છતાં દર્દોના અસહ્ય પ્રહારો લાગ્યા છતાં તેમનો મધુર કંઠ હજુ ઘવાયો ન હતો. તેની મધુરતા હજુ કાયમ ટકી રહી હતી. એ સુકોથળ કંઠમાંથી માતાના છંદના ધ્વનિએ દેવળમાં મેદની હોવા છતાં શાન્ત બનેલા વાતાવરણને ગુંજતું કર્યું.

"આ દુનિયામાં જે કોઈ જનમ્યા, અમર નહિ કોઇની કાયા;
દેવ દાનવ કે અમીર ઉમરાવ, પડ્યા પૃથ્વી રાણીજાયા."

કેટલીક પળોથી નિરાશામાં નીચી ઢળેલી મારી આંખોએ ઉંચે જોતાં એ છંદ લલકારનાર ઉપર દ્રષ્ટિપાત કરતાંજ હું આશ્ચર્યમાં ગરકાવ બન્યો. કેમકે પોતાના અંતરની વેદના એ ભકતના મુખનું પ્રથમ મહાકાવ્ય સાંભળતાંજ બીલકુલ નષ્ટ થઇ અને એ નશ્વર શરીરની અવસ્થાના મિથ્યા શોક કરવા માટે હું શરમિંદો પડયો. ભકતરાજના એક વચનામૃતે મારા સંશયના ભૂક્કા કર્યા, ત્યારપછી ભકતશ્રીએ સ્વકૃત ચંડીપાઠ ગાવાની શરૂઆત કરી. મધ્યરાત્રિ સુધી એ પરમ દેવીભકતના વચનામૃતનું પાન કરી પરમાનંદમાં સ્નાન કરતો માનવ સમુદાય પોતાના પંથે સિધાવ્યો.

* * * *

કાળના ગહન પ્રવાહમાં એ પરમ દેવીભકત અમીચંદનું દર્શન હવે સદાને માટે દુર્લભ્ય બન્યું. તેમનો એ જર્જરિત અને નાશવંત દેહ વિક્રમ સંવત્ ૧૯૯૫ના મહા વદ ૧૦ ને સોમવારે ૯૩ વર્ષની દિર્ઘ ઉંમરે પંચત્ત્વમાં સમાઇ ગયો. તેમનો એ માતૃપ્રેમમાં તરબોળ થયેલો આત્મા મહાદેવીના ચર્ણારવિંદમાં વિરામ પામ્યો. તેઓ આ લોકનો ત્યાગ કરી કોઇ અનોખી દુનિયામાં વિરાજમાન થયા છતાં હજુ તેમની ઉજ્વળ કીર્તિનો સિતારો નિસ્તેજ નથી થયો. તેમના એ દિવ્ય વચનામૃતો માતાના છંદો આજે પણ એ મહામાયાના શૂન્ય-કારમય મંદિરને ગજાવી મૂકે છે. ભકતરાજ અમીચંદના છંદો એટલી બધી માતૃભકિત અને ભાવનામાં તરબોળ થયેલાં છે કે ગુજરાતમાં કે ગુજરાતી સાહિત્યમાં એવી માતૃગાથા અમરગીતો ઉચ્ચારતાં કાવ્યો વિરલ જ છે.

એક અજ્ઞાન બાળક પણ માતાની સમક્ષ હાથજોડી પોતાની કાલીઘેલી બોલીમાં એ ભકતશ્રીના છંદો લલકારતો દીન બની માતાની સ્હાય માગી રહે છે.

"આવો આવો માજી સિંહપર બેસી. કરવા સેવકની સ્હાય;
વિનય કરી વિનવું અંબામાય."

*

"આવો અંબા અલબેલી વહેલી મા, મને વિસારો કેમ;
ઘટે નહિ તમને માજી એમ."

નડિઆદના "શકિત" માસિકના
તા. ૨-૬-૩૯ના અંકમાંથી ઉતારો—પાનું ૩૭૭ થી ૩૮૦.

શ્રી અંબાજીના પરમ ભક્તરાજ

શ્રી અમીચંદ મોતીચંદ ઝવેરીના સ્વર્ગગમન

વિષે નીચેના પેપરોએ નોંધ લીધી હતી:

"દાંડીઓ"—સુરત, તા. ૧-૩-૩૯, ફોટો.

"વિશ્વજ્યોતિ"—સુરત, ચૈત્ર ૧૯૯૫, પાને ૨૨૩,
ફોટો તથા નોંધ.

"મુંબઈ સમાચાર"—મુંબઇ, તા. ૧૪-૩-૩૯, પાને ૧૨
ફોટો તથા નોંધ,

તેમજ બીજા અનેક પેપરોમાં.

દાંતાના નેક નામદાર **મહારાણાશ્રી ભવાનીસિંહજી** તથા **મહારાજશ્રી નારાયણસિંહજી** તરફથી દિલસોજીના તારો.

અને

આણંદજી કલ્યાણજીની પેઢી—અમદાવાદ,

એ સિવાય ઘણા સ્નેહીઓ તેમજ ભકતો તરફથી દિલસોજીના પત્રો આવ્યા હતા તે સર્વેનો અત્રે આભાર માનીએ છીએ.

સુરતના ભક્તરાજ શ્રી. અમીચંદ

આરાસુરી અંબાજીના પૂણ્ય ધામમાં પધરામણી

દાંતાના મહારાણાએ કરેલો સત્કાર

જૈનોના વર્ષો જુના મુંડકાવેરાની માફી—
બ્રાહ્મણ પુત્રની જેલમુક્તિ

શ્રી. દાંતા ભવાનગઢના મહારાણા શ્રી. ભવાનીસિંહજીના પ્રેમપૂર્વકના પોષ સુદ ૧૫ ના અંબાજી માતાના મહાન ઉત્સવ પ્રસંગે સંઘ સાથે અંબાજી પધારવાના આમંત્રણને વશ થઇ સુરતના શ્રી. અંબાજી માતાના પરમ ભક્ત શ્રી. અમીચંદ મોતીચંદ ઝવેરી સુરતથી ૫૫ માણસોની ભક્ત મંડળી સહિત અંબાજી માતાના દર્શને બુધવાર તારીખ ૨૭-૧૨-૩૩ ના રોજ ઉપડ્યા હતા.

સુરતથી વિદાય.

સુરત સ્ટેશને સુરતના ભાવિક ભક્તોએ ફૂલહાર પહેરાવી ભાવભરી વિદાય આપી હતી. સુરતથી ઉપડેલો સંઘ અમદાવાદ ગાડી બદલી તા. ૨૮મીએ સવારે આબુરોડ સ્ટેશને પહોંચ્યો હતો.

રાજ્યનો સત્કાર.

આબુરોડ સ્ટેશન પર દાંતા રાજ્ય તરફથી સંઘને અંબાજી લઈ જવા માટે વાહનો વિગેરેની ગોઠવણ રાખી હતી તેમજ સંઘના માણસોને કરવેરામાંથી મુક્ત કરવાની ગોઠવણ કરવામાં આવી હતી. પોતાના રાજ્યના ટેક્ષ ઉપરાંત સીરોહી સ્ટેટ તરફથી પોતાની બાર માઇલની હદમાંથી પસાર થવા બદલ યાત્રીઓ પાસેથી ટેક્ષ લેવામાં આવે છે તે પણ માફ કરવાની અગાઉથી ગોઠવણ કરવામાં આવી હતી, જેથી સંઘ કોઇપણ જાતની મુશ્કેલી વિના અંબામાતાના છંદો લલકારતો અઢી વાગે અંબાજીમાં પ્રવેશ્યો હતો.

ભક્તનો પ્રભાવ.

ભકતાધિન ભગવાનનો પ્રત્યક્ષ પરિચય અંબાજી પહોંચતાંજ સૌ મંડળીને થઇ ગયો. અંબાજી માતાનાં દર્શન માટે ફક્ત સવાર સાંજ ખુલતાં દ્વારો અંબાજીના પરમ ભકતના આગમને બપોરે ત્રણ વાગે ખુલ્યાં અને ભકત અને મંડળીએ માતાજીનાં દર્શન કર્યાં. દર્શન બાદ સંઘ પોતાને ઉતારે ગયો હતો. રાજ્ય તરફથી સંઘ માટે ઉતરવાની અને રહેવાની ગોઠવણ મુંબઇ-વાળા શેઠ નાનાલાલ મંછારામની ધર્મશાળામાં થઇ હતી જ્યાં મંડળી ઉતરી હતી.

આરતી અને દેવદર્શન.

માતાજીની આરતી સમયે ભકતરાજે મંડળી સહિત માતાજીની કૃપાથી પોતે રચેલા છંદો પ્રેમપૂર્વક લલકાર્યા હતા અને યાત્રાળુઓ તથા ત્યાંના રહીશોને માતાજીના ગુણાનુગાન



ભક્તરાજ જ્યારે ભક્ત મંડળી સાથે છંદ ગાતા ગાતા
માતાજીમાં ગયા ત્યારનો દેખાવ.



ભક્તરાજ ઉતારેથી (ધર્મશાળામાંથી) માતાજીમાં દર્શન કરવા
મંડળી સાથે જતા તેનો દેખાવ.

વાળી શુભ વાણીનો લાભ આપ્યો હતો. પછીના દિવસોમાં ભક્ત મંડળી રાજ્યના મેમાન તરીકે મોટરો અને ડોળી મારફતે શ્રી કોટેશ્વર, શ્રી કુંભારીયા તથા શ્રી ગબ્બર વગેરે સ્થળે ફરી હતી, અને કોઇપણ જાતની અડચણ ન આવે તે માટે રાજ્ય તરફથી સાથે સીપાઇઓ આપ્યા હતા. મંડળીએ આથી યાત્રાનો સારો લ્હાવો ઉઠાવ્યો હતો.

ભક્તરાજનો ભંડારો.

તા. ૨–૧–૩૪ ને મંગળવારના મંગળકારી દિવસે શ્રી માતાજીની પ્રેરણાથી શ્રી ભક્તરાજે બ્રાહ્મણો, યાત્રાળુઓ, આમ્ય-જનો, ગરીબો, રાજ્યના નોકરો વિગેરેને ખાંડના લાડુનું મિષ્ટાન્ન જમાડી સર્વેના આત્માની તૃપ્તિ કરી હતી.

મહારાણાનું આગમન.

તેજ દિવસે શ્રી. દાંતા નરેશ મહારાણાશ્રી ભવાનસિંહજી પોતાના કાકા પૃથુસિંહજી અને રાજ મંડળી સાથે શ્રી માતાજીની આરતીનાં દર્શન કરી શ્રી ભક્તરાજના દર્શને તેમના મુકામે પધાર્યા હતા. પોતાના પરમ ભક્તને આવું અપૂર્વ સન્માન માતાજી અપાવે તેમાં શી નવાઇ?

અપૂર્વ મિલન!

એ વખતનું મહારાણા અને ભક્તરાજનું મિલન અપૂર્વ હતું. જુગ જુગ જુના હૈયાંના હેત ઠાલવતા હોય, વર્ષોના વિજોગ પછી માડી જાયા ભાઇઓ મળતા હોય તેવો એ મેળાપ હતો. તે સમયે ભક્તરાજ તરફથી મહારાણાશ્રી પ્રત્યેનો પ્રેમ દર્શાવનાર છંદ બનાવેલો તે તેમના શિષ્ય બચુભાઇએ લલકારી ગાઈ સંભળાવ્યો હતો

છંદની પ્રસાદી.

ભવાનસિંહજી રાણા દાંતાના, અંબામાં પરશન રે.
આરાસુરમાં વાસ વસીને, નીત આપે દરશન રે.
પુત્ર કરીને પાસે રાખી આપ્યાં, તન, મન, ધન રે.
પ્રેરણા કરાવી છંદ સાંભળવા, બોલાવ્યા અમીચંદ રે.
સુરત શહેરના આમલીરાનમાં, ભકત છે અમીચંદ રે.
ભક્ત મંડળી ભેગી કરીને, જોયાં સૌનાં મન રે.
ભાવી ભક્તો તૈયાર થયા, સૌ હરખ્યાં તેનાં મન રે.
ધન ઘડી ધન દિવસ આપણો, થશે માતા દરશન રે.
તૈયાર થઇ સૌ ચાલ્યા આનંદે, આવ્યાં સ્ટેશન રે.
રહ્યાં ભક્તો હાર પહેરાવી, કરી ગયા વંદન રે.
ગીરધરભાઇ કાપડીયે જાણ્યું, ભક્તો જાય દરશન રે.
સાથે રહી કારભાર કર્યો, હરખ્યાં સૌનાં મન રે.
આરાસુરમાં આનંદ વરત્યો, રાજાએ કરવા રક્ષણ રે.
નાથુસિંહ પર હુકમ કરી કહે, ખુશી રાખજો ભક્તને રે.
પુન્ય પ્રતાપ મહારાણાજીના, પાપી થાય પાવન રે.
અમીચંદ કરી ભકિત માંગે, સુખી રાખો જગતને રે.

મેળાપ બાદ ભક્તરાજે મહારાણાશ્રીને માતાજીના છંદ રૂપી પ્રસાદનો સ્વાદ ચખાડયો હતો અને મહારાણાશ્રીએ દાંતા જઇ બીજે દિવસે બે વાગ્યે આવી ફરી છંદ સાંભળવાની ખુશી બતાવી હતી. બીજે દિવસે મહારાણાશ્રી પોતાના કાકા મહારાજ શ્રી. નારણસિંહજી સાથે દાંતાથી અંબાજીના પોતાના બંગલે પધાર્યા હતા અને છંદ સાંભળવા માટે ભક્તરાજને તેડાવવા

ખાસ મોટર મોકલી હતી જેથી ભક્તરાજ પોતાની મંડળી સહિત છંદ ગાતા ગાતા મહારાણાશ્રીને બંગલે પધાર્યા હતા.

મહારાણાશ્રીને નજરાણું.

બંગલે ગયા પછી શ્રી. ભક્તરાજે જર્મનના થાળામાં બરફી વિગેરે મીઠાઇ તથા ફળફળાદી તેમજ ચાંદીના ખુમચામાં રૂા. ૫૧ મૂકી મહારાણાશ્રી ભવાનીસિંહજીને નજરાણું કર્યું હતું.

સાક્ષાત્કાર.

ભક્તરાજે થોડી બોધવાણી સંભળાવ્યા બાદ શ્રી. માતાજીના સ્વરૂપમાં એક તાર થઇને ચંડીપાઠ વડે માતાજીના ચારિત્રના પ્રથમ ભાગ તથા મધ્યમ ભાગ નેવું વર્ષની વૃદ્ધાવસ્થાએ પણ વાણીનો અખૂટ પ્રવાહ વહેવડાવી પૂર્ણભાવથી ગાઇ સંભળાવી મહારાણા સહિત સૌનાં મન પ્રસન્ન કર્યાં હતાં.

પુનઃ નિમંત્રણ.

બીજે દિવસે મહારાણાશ્રીને જરૂરી કામે રોકાવાનું થતાં તેઓ આવી ન શક્યા પણ તા. ૫-૧-૩૪ ને શુક્રવારે નવ વાગે શ્રી અંબાજીમાં પધાર્યા હતા, તે દિવસે ત્યાંજ ભોજન કરી બપોરે બે વાગે નિવૃત થઇ ભક્તરાજને તેડવા મહાલકારી શ્રી. નાથુસિંહજી સાથે મોટર મોકલી હતી.

ભક્તરાજે પોતાની મંડળી સહિત બંગલે પધારી આગલા દિવસથી પણ વધુ ઉલ્લાસે તથા મુક્ત કંઠે ચંડીપાઠના અધુરા સર્ગો પૂરા કર્યા હતા. આજે તો મુંબઇવાળા શેઠ નાનાલાલ મંછારામ તથા રા. રા. છગનલાલ ઘેલાભાઇ મહેતા અને વિદ્વાન બ્રાહ્મણો તથા ભક્તજનો પણ ભક્તરાજની વાણી સાંભળવા

માટે આવ્યા હતા. મહારાણાશ્રી પોતે પણ માતાજીના પરમ ભકત છે અને રોજ ત્રણ થી ચાર કલાક માતાજીની પૂજામાં ગાળે છે અને પરમ વિવેકી હોઇ શાંત ચિત્તથી અને ભાવથી પોતે ચાર વાગે દાંતા જવાનું હતું છતાં તે જતું કરી તેઓશ્રી રોકાયા હતા અને શ્રીમાને ભકિત વૈરાગ ને વેદાંતના છંદો વધુ બે કલાક સાંભળવા ખુશી બતાવવાથી તે છંદો ભકતરાજે સંભળાવ્યા હતા.

મહારાણા સાથે મંત્રણા.

એ બાદ ભક્તરાજે દાંતા નરેશ સાથે ગુપ્ત મંત્રણા ચલાવી હતી. એ મંત્રણાનો ઉલ્લેખ કરવો અહિં અસ્થાને નહિંજ લેખાય. આ મંત્રણા જૈનો પરના રૂા. ૦—૬—૦ ના મુંડકા વેરા વિષેની હતી.

જૈનો પરનો મુંડકા વેરો.

આજે કેટલાક વર્ષોથી શ્રી કુંભારીયાની યાત્રાએ જતા જૈનોને આબુ ખાતે યાત્રામાં જવાના છો કે નહિં તે વિષે સોગન પર પૂછવામાં આવતું અને જવાના હોય તો માથા દીઠ રૂા. ૦—૬—૦ નો મુંડકા વેરો લેવામાં આવતો, જેથી ઘણા જૈનો શ્રી કુંભારીયાની યાત્રાએ જતાં અટકતા હતા. શ્રી. અમીચંદે જૈન કોમની તથા જાહેર હીતની આ અગવડ પારખી અને તેનો તોડ લાવવા માટે પોતે જૈન કોમનો આ મુંડકા વેરો માફ કરવા મહારાણાશ્રીને અરજ કરી.

યોગ્ય અસર.

મહારાણાશ્રીને ભક્તરાજ તરફથી કરવામાં આવેલી અરજની તેઓશ્રી પર યોગ્ય અસર થઇ હતી અને તેમણે ઉદાર દિલથી એ બાબતની બ્હાલિ આપી હતી અને હવે પછી યોગ્ય રીતે લેખીત હુકમ બ્હાર પાડવાનું જાહેર કર્યું હતું. આ જાહેરાતથી હાજર રહેલા ગૃહસ્થોએ મહારાણાશ્રીની મુક્તકંઠે પ્રસંશા કરી હતી.

આભાર દર્શન.

આ માટે મહારાણાશ્રીનો આભાર માનતાં શ્રી. છગનલાલ ઘેલાભાઇ મહેતાએ જણાવ્યું હતું કે, આજે પુર્ણ હર્ષનો દિવસ છે કે શ્રીમાન્ મહારાણાશ્રી ભવાનીસિંહજી પોતે તથા મહારાજશ્રી નારણસિંહજી ઘણો શ્રમ લઇને કાર્ય વ્યવહાર છોડીને અત્રે પધારી ગુજરાતના ભક્તરાજ શ્રી. અમીચંદભાઇને સન્માન આપ્યું છે અને પરમ શાંતિથી ચંડીપાઠ તથા છંદો સાંભળ્યા છે. આપશ્રીના જાણવામાં છે તેમ હું સત્સંગનો પ્રેમી હોય ભક્તરાજની સાથે મારા પુત્ર ચિ. ઠાકોરલાલ જેઓએ હાલ એલએલ. બી. પરિક્ષા પાસ કરી છે અને એમ. એ. ની ટર્મ ભરે છે તે તથા પુત્રવધુ તથા પુત્રી સાથે અત્રે આવ્યા છીએ. આપ શ્રીમાન્ ઉદાર ચિત્ત છો અને પુનિત શ્રી અંબિકા ભક્ત છો. આપશ્રીના પૂજ્ય હમીરસિંહજી પણ પ્રેમી ભકત હતા, અને તેમનો એ વારસો આપનામાં ઉતર્યો છે અને આપના પવિત્ર હસ્તે આ પવિત્ર સ્થળમાં સાચા ભકતરાજને માન મળ્યું છે તે ઘણુંજ ખુશી થવા જેવું છે. આપણુમાં કહેવત છે કે

"સુખે સોની અને દુઃખે રામ" તે કહેવત મુજબ દુઃખ વખતે સૌ કોઇ પોતાના ઇષ્ટ દેવને સંભારે છે પણ દુઃખ મટ્યા પછી તેને ભૂલી જાય છે, પરંતુ આપણા ભક્તરાજ શ્રી. અમીચંદ સુરતમાં નવરાત્રીમાં શ્રી અંબાજી માતા સમક્ષ ચોસઠ ચોસઠ વર્ષથી અખંડ ચંડીપાઠ તથા છંદો ગાઇ છે અને હજી પણ એમનો એ કાર્યક્રમ ચાલુજ છે. તેઓશ્રીનો શ્રી અંબામાત પર કેવો અગાધ પ્રેમ છે તે પુરવાર કરી આપે છે. વધારે ખુબીની વાત તો એ છે કે જ્યારે એઓશ્રી ચંડીપાઠ શરૂ કરે છે ત્યારે ભક્તિની ધુનમાં એટલા તો એકતાર થઇ જાય છે કે પોતાનું શરિરભાન ભૂલી જાય છે અને આદ્યશક્તિમાં લીન થઇ જાય છે.

આ આદ્યશક્તિ આપ શ્રીમાનનાં કૃપાળુ કુળદેવી ગોત્રજમા છે. તેઓ સર્વ જગતની માતા છે, અને સર્વેના શરિરમાં વસી રહેલાં છે તે આત્મશક્તિ આજ નેવું વરસની પાકટ વયે પણ ભક્તરાજને પુરતું બળ આપી રહ્યાં છે એ તેમનો પ્રભાવ છે.

આપણે ઇતિહાસની તવારીખથી જાણી શકીયે છીએ કે, આ વસુંધરા પર માંધાતા જેવા મહિપતિઓ થઈ ગયા છે અને તેમણે સ્વપરાક્રમથી પૃથ્વી પર પોતાની સત્તા જમાવી છે પરંતુ પૃથ્વી દેવી કોઈની સદા રહેતી નથી અને રહેવાની પણ નથી. પૃથ્વી તો સદા સ્વતંત્ર છે. તે તો સદાય હસે છે કે, બધા ચાલ્યા ગયા હું તો છું તેવીને તેવીજ છું. કેવળ આદ્યશક્તિની સત્તા અને આધારથીજ જગતનાં સર્વે કાર્યો થયા કરે છે તેની સત્તા વિના પાંદડું પણ હાલી શકતું નથી. તેની સત્તાથીજ આપણે શ્વાસ લઇએ છીએ, તેની સત્તાથીજ લોહી દોડે છે

અને બીજી શરિરની ક્રિયાઓ થાય છે અને છતાં તે પોતે નિરંજન, નિર્વિકાર, નિર્લેપ રહે છે અને પોતાની સત્તા ખેંચી લે છે ત્યારે આ શરિર ચેતન રહીત મુડદું થઇ પડે છે તેથી સર્વ સુખનું મૂળ અને સાચું સ્વર્ગ આત્મશક્તિ છે.

આ મહામાયા વિનાનું કોઇ ઠામ ખાલી નથી તે અનંત છે અને એકજ છે. એટલે આત્મા, પરમાત્મા, દેવ દેવી ગમે તે નામથી એક ચિત્તથી ભકિત કરવી જોઇએ મતલબ કે વૃક્ષનું થડ-બ્રહ્મથી ફળફૂલ ડાળીડાખળાં અળગાં નથી. આવા એકત્વ જ્ઞાનનો અનુભવ આપણા મહાન યોગીઓ, રૂષીઓ તેમજ નૃપતિઓએ વૈભવવાળા હોવા છતાં વૈભવને છોડીને અનુભવ કર્યો છે. સત્ય સ્વરૂપને ઓળખ્યું છે અને તે સંદેશ યાને સદ્‌બોધ કેવળ પરોપકાર અને કલ્યાણ નિમિત્તે જે જાણવા માગે તેને આપતા રહ્યા છે. એવા સત્માર્ગદર્શક ગુરૂ યાત્રાળુઓની કે મુસાફરોના વળાવા રૂપે છે તેથી કરીને યાત્રાળુઓને લૂટાવાનો ભય રહેતો નથી.

આત્માની તલ્લિનતા.

આપણા સર્વનો એ અનુભવ છે કે, ફીલસુફો, કવિઓ કે કારીગરો જ્યારે પોતપોતાના વિચાર કે કાર્યમાં એકચિત્ત થાય છે ત્યારે શરિર ભાન ભૂલી જાય છે અને તેમના કાર્યમાં તેમને ફત્તેહ મળે છે.

તેવી રીતે શ્રી. અમીચંદ ભાઇએ પણ તલ્લિન બની શ્રી અંબાજીની પ્રેરણાથી તેમના ચંડીપાઠ અને સમય સમયના ભક્તિ, વૈરાગ્ય અને અભેદ જ્ઞાનના છંદો બનાવ્યા છે અને પોતે

અંતરના ઉમળકાથી અત્યંત ઉત્સાહથી તે ગાઇ છે અને રસ ઉપજાવી શ્રોતાઓને મંત્ર મુગ્ધ બનાવે છે અને એ માર્ગે અજ્ઞાન જીવોનો ઉદ્ધાર કરી તેમને માટે દુઃખ હરણનાં અને સત્સમાગમનાં પુસ્તકો રચ્યાં છે. આપણે એ ખુબ યાદ રાખવા જેવું છે કે અનેક દેવોને સેવવાથી એટલે કે અનેક વિચારો કરવાથી કાર્ય હંમેશાં બગડે છે અને ફત્તેહ મળતી નથી.

ભક્તની પરિક્ષા.

હીરાની પરિક્ષા જેમ ઝવેરીજ કરી શકે તેવી રીતે આપ શ્રીમાન્ પોતે પરમ ભક્ત છો તેથી જીવન મુક્ત શ્રી ભક્તરાજ રૂપી હીરાની સાચી કદર કરી છે અને અત્રે પધારી ચંડીપાઠ તથા છંદો સાંભળી આ સન્માન આપ્યું છે તે દરેક રીતે યોગ્ય છે, આવુંજ સન્માન પ્રેમભાવથી સુરત અને મુંબઇમાં ભક્તરાજને અર્પણ થયું છે. જો કે ભક્તરાજ આવા સન્માનના ભૂખ્યા નથી પણ આપણે જે બોધ લેવાનો છે તે એજ કે જે ભક્તો આત્મશક્તિ યાને ઇષ્ટ દેવ દેવી પર સાચી શ્રદ્ધા રાખી ભક્તિ કરે છે તેને સર્વ શક્તિમાન ઇષ્ટ દેવ યોગ્ય ફળ આપ્યા વિના રહેતા નથી.

નિષ્કામ ભક્તિ.

ભક્તિ હમેશાં નિષ્કામ વૃત્તિથીજ થવી જોઇએ, અને પૈસા કે એવી બીજી ઇચ્છા મનમાં રાખી કરવામાં આવતી ભક્તિ ફળતી નથી. આપણામાં કહેવત છે કે, 'માગે તેથી ભાગે અને ત્યાગે તેની પાસે' તેમ નિષ્કામ વૃત્તિથીજ આપણા અંતરાત્માને શાંતિ મળે છે.

પરમકૃપાળુ દેવીશ્રી અંબામાતાના ભક્તરાજ શ્રી.

અમીચંદભાઇને પુરી તંદુરસ્તી બક્ષો અને તેઓશ્રી પોતે જીવન-મુક્ત સ્થિતિ સુખેથી ભોગવો અને આવા શુભ કાર્યો તેમને હાથે થતાં રહો એજ અભ્યર્થના.

બીજી માફી.

મહારાણાશ્રીએ જૈનોનો વેરો માફ કરવા ઉપરાંત એક બીજી માફી પણ બક્ષી હતી, એક ગરીબ બ્રાહ્મણના છોકરાને ચોરીના આરોપસર પકડવામાં આવ્યો હતો તેને કેદમાંથી મુક્ત કરવાની માંગણી ભક્તરાજે કરી હતી જેથી મહારાજે તે માંગણી પણ કબુલ રાખી બ્રાહ્મણ બાળકને છોડી મૂકી બ્રાહ્મણના આશીશ મેળવ્યા હતા.

એ બાદ ભક્તરાજ તરફથી એમના પુત્ર ભાઇ ચુનીલાલ અમીચંદે મહારાણાશ્રીનો આભાર માની નીચે મુજબ યોગ્ય વિવેચન કર્યું હતું.

"મારી આટલી વૃદ્ધાવસ્થામાં મારી માએ એના વ્હાલા પુત્રને તેડાવવા પહેલ વહેલી પ્રેરણા રા. રા. નાનાલાલ મંછારામ મારફતે કરેલી અને ત્યાર બાદ મને મુંબઇમાં મારા છોકરાને ત્યાં હું હતો ત્યારે આપના કાકાશ્રી મહારાજ નારાયણસિંહજીનો મને મુબઇમાં નડીયાદ શકિત મંડળ તરફથી માનપત્ર અપાયેલું ત્યારે મેળાપ થયેલો અને તેઓશ્રીએ અનહદ પ્રેમભાવથી આપશ્રીને મળવા સૂચના કરેલી અને તે બાદ આપશ્રીએ મને તેડાવવા ફરમાન કરાવ્યું અને મને પણ માતાજીએ આપશ્રી કે જેઓ હંમેશ મારી માની સેવા કરી રહ્યા છો તેના દર્શનનો લાભ લેવા પ્રેરણા કરાવી અને તેને લઇને આકર્ષાઇ અત્રે ખેંચાણ કરી બોલાવી દર્શનનો લાભ આપ્યો તેથી મને અત્યંત હર્ષ થાય છે. મારે છેલ્લે જણાવવું જોઇએ કે મારી આટલી ૯૦ વર્ષની ઉંમરે

મારી માતાજીની સંપૂર્ણ કૃપાદ્રષ્ટિથીજ સુખરૂપે હું બધા ભક્ત મંડળ સાથે આવી માના ગુણ ગાઈ રહ્યો છું અને તેથી મને જે પૂર્ણ લાભ મળી ગયો છે તે મારી માના પ્રતાપે થયો છે. આજે મહારાણાશ્રીએ મારી વિનંતી સ્વીકારી એક બ્રાહ્મણ કેદ્દી તથા જૈન ઉપર વધારાના લેવાતો કર માફ કર્યાનું જાહેર કર્યું છે તે બદલ આભાર માનું છું."

મહારાણાશ્રી તરફથી ભેટ.

મહારાણાશ્રી તરફથી કશબી શાલો, સાદી સાલો, અમર તથા ભરેલી સાડી વિગેરેનો શીરપાવ થયા બાદ ભક્તરાજે શનિવાર તા. ૬-૧-૩૪ ના રોજ શ્રી અંબાજીનું ધામ છોડવાની રજા માંગી. મહારાણાશ્રી તરફથી અંબામાની પ્રસાદીની ચુંદડી યાદગારી તરીકે મંડળીના દરેક જણને આપી હતી. અને ખાસ મોટરો રોકી સઘળા સંઘને આબુરોડ સ્ટેશન સુધી મોકલી આપી વિદાય આપી હતી.

અમદાવાદમાં આગમન.

સંઘ શનિવારે આબુરોડથી નીકળી રવિવારે અમદાવાદમાં ઉતર્યો હતો અને ધના સુતારની પોળમાં અંબાજી માતાના મંદિરે તેમજ ભદ્રમાં ભદ્રકાળીના મંદિરે ભક્તરાજે પોતાની મંડળી સહિત છંદો ગાઈ સંભળાવ્યા હતા જ્યાં પણ છંદો સાંભળવા મોટી માનવ મેદની જામી હતી.

સંઘ રવિવારે રાત્રે અમદાવાદથી નીકળી સોમવારે સવારે સુરત આવી પહોંચ્યો હતો.

સુરતના "દેશીમિત્ર" તા ૧૦-૪-૩૪ ના
વધારો E. નં. ૫૯ માંથી ઉતારો



સુરતના જાણીતા ભક્તરાજ શ્રી૦ અમીચંદ મોતીચંદ ઝવેરી જેઓએ દાંતા સ્ટેટમાં જૈનોનો મુંડકા વેરો રદ્દ કરાવ્યો હતો તેઓ અત્રેના સુપર ટોકીઝમાં પધારી વાડીયા મુવિટોન કૃત પૌરાણીક બોલપટ 'વામન અવતાર" જોઇને અતીશય પ્રસન્ન થયા હતા.

મુંબઇ સમાચાર, રવિવાર તા. ૯-૯-૩

કુંભારીઆનો યાત્રાકર.

સુરતના શ્રી અમીચંદ મોતીચંદ ઝવેરી, અંબામાતાજીના પરમભક્ત છે. એમ કહેવાય છે કે માતાજીની ભક્તિની ધૂનમાં તેઓ એટલા તલ્લીન બની જાય છે કે એમને પોતાના દેહનું પણ ભાન નથી રહેતું. હાલમાં થોડા વખત ઉપર તેઓ દાંતાના મહારાણાના ખાસ આગ્રહથી પોતાની મંડળી સાથે અંબાજીના દર્શને ગયા હતા. મહારાણાએ આ લગભગ નેવું વર્ષના વયોવૃદ્ધ ભકતરાજનું સરસ સ્વાગત કર્યું હતું, અને વધુમાં એવી વાત પણ બ્હાર આવી છે કે મહારાણા સાથે ખાનગી મંત્રણા કરતી વખતે જૈન કોમના જાત્રાળુઓ પાસેથી—કુંભારીયા વિગેરે તિર્થ ક્ષેત્રમાં જતા જાત્રાળુ પાસેથી—જે છ આનાનો જાત્રાવેરો લેવામાં આવે છે તે માફ કરવા આ ભકતરાજે અરજ કરી હતી અને આનંદની વાત છે કે "મહારાણાશ્રી ઉપર એની અસર પડી હતી, અને હવે પછી યોગ્ય રીતે લેખિત હુકમ બ્હાર પાડવાનું જાહેર કર્યું હતું." અને છેલ્લા ખબર પ્રમાણે તેવો હુકમ પ્રગટ થવાની તૈયારી છે તે જોતાં આ અહેવાલ કેટલે અંશે જૈન યાત્રિકને સાનુકૂળ થશે તે સમજાશે. યાત્રાકર એ દુનિયાના બધા કરોમાં સૌ કરતાં વધારે અળખામણા કર છે. જૈન-સમાજને સારૂ તો એ સવિશેષ ત્રાસદાયક પૂરવાર થયો છે. દાંતાના મહારાશ્રી જો ખરેખર ઉદાર હૃદયે એ કર ભૂંસી વાળશે તો જૈન સમાજ અંતઃકરણપૂર્વક એ નામદારનો આભાર માનશે. બીજાં રાજ્યો ઉપર એની સારી અસર પડશે, અને યાત્રાકરના અન્યાયનો જે ઇતિહાસ આજે રચાઇ રહ્યા છે તેમાં એક નવું ઉજ્જવળ પાનું ઉમેરાશે.

ભાવનગરના "જૈન" પત્રના તા. ૨૧-૧-૩૪ ના
અંકમાંથી ઉતારો—પાનું ૫૨.

અંબાજીનો કર.

ઘણા વખતથી અંબાજી-કુંભારીયાજી યાત્રાએ જતા યાત્રાળુઓ પૈકી જૈન યાત્રાળુઓ પાસેથી આબુજીના યાત્રા બદલનો આબુજીની યાત્રાએ જવાના છો કે જઈ આવ્યા છે તે સોગનપૂર્વક પુછીને માથા દીઠ રૂા. ૦-૬-૦ છ આનાનો વધારાનો કર લેવાંમાં આવતો હતો. હાલમાં સુરતના દેવીભક્ત ઝવેરી અમીચંદ મોતીચંદે તે કર દાંતાના હાલના મહારાણા શ્રી ભવાનીસિંહજીને પ્રસન્ન કરી માફ કરાવ્યો છે. તે બદલાનો માતાજી મહાલકારીના, ઝવેરી અમીચંદભાઈ પરના પત્રની નકલ સૌની જાણ માટે પ્રગટ કરીએ છીએ.

* * * જુઓ પાનું ૧૩ મું. * * *

સંઘસેવાના આવા ઉમદા કાર્ય માટે શ્રી સંઘ તરફથી અમે ઝવેરી અમીચંદભાઈને સહર્ષ ધન્યવાદ પાઠવીએ છીએ અને જૈનો પરનો આ વધાનો કર ઉદાર ચિત્તે માફ કર્યા બદલ નાં. મહારાણાશ્રીનો પણ આભાર માનીએ છીએ.

લી. **પ્રતાપસિંહ મોહોલાલભાઈ,**
વહિવટદાર પ્રતિનિધિ—શેઠ આણંદજી કલ્યાણજીની પેઢી.

ભાવનગરના "જૈન" પત્રના તા. ૪-૨-૩૪ના
અંકમાંથી ઉતારો પાનું ૧૦૨-૧૦૩

નૂતન સમાચારો.

અમદાવાદ:—અત્રેની શેઠ આણંદજી કલ્યાણજીની પેઢીના વહિવટદાર તિપ્રનિધિ શેઠ પ્રતાપસિંહ મોહોલાલભાઇ લખી જણાવે કે છે ઘણા વખતથી અંબાજી–કુંભારીયાજી યાત્રાએ જતા યાત્રાળુઓ પૈકી જૈન યાત્રાળુઓ પાસેથી આબુજીની યાત્રા બદલનો આબુજીની યાત્રાએ જવાના છો કે જઇ આવ્યા છે તે સોગનપૂર્વક પુછીને માથા દીઠ રૂા. ૦–૬–૦ છ આનાનો વધારાનો કર લેવામાં આવતો હતો. હાલમાં સુરતના દેવીભકત ઝવેરી અમીચંદ મોતીચંદે તે કર દાંતાના હાલના મહારાણા શ્રી ભવાનીસિંહજીને પ્રસન્ન કરી માફ કરાવ્યો છે. તે બદલાનો માતાજી મહાલકારીના, ઝવેરી અમીચંદભાઈ પરના પત્રની નકલ સૌની જાણ માટે પ્રગટ કરીએ છીએ.

* * * જુઓ પાનું ૧૩ મું. * * *

સંઘસેવાના આવા ઉમદા કાર્ય માટે શ્રી સંઘ તરફથી અમે ઝવેરી અમીચંદભાઇને સહર્ષ ધન્યવાદ પાઠવીએ છીએ અને જૈનો પરનો આ વધારાનો કર ઉદાર ચિત્તે માફ કર્યા બદલ ના. મહારાણાશ્રીનો પણ આભાર માનીએ છીએ.

મુંબઇના "તરૂણ જૈન" પત્રના તા. ૧–૨–૩૪ ના
અંકમાંથી ઉતારો—પાનું ૨૩

રાજા ભોજ પૂછે છે: સુધા ક્યાં વસે છે?

નવવધૂના મુખમાં સુધા વસે છે કે?

સરદાર પાઠકજીનું ચંડીયજ્ઞ સમારંભમાં પ્રવચન!

સુરતના બાલાજીના રસ્તામાં, શ્રી જે જે વિઠ્ઠલના મંદિરમાં કાર્તિક કૃષ્ણ પક્ષમાં ત્રણ દિવસનો છંદાત્મક ચંડીયજ્ઞ જાણીતા અંબાજીના ભક્ત શ્રી અમીચંદના આચાર્ય પદે થયો હતો. ૯૦ વર્ષની વૃદ્ધ વયે પણ શ્રી. અમીચંદે ચંડીપાઠની ધૂન જગાવી હતી અને ભાવિક સ્ત્રી પુરૂષોએ મોટી સંખ્યામાં તે યજ્ઞસમારંભમાં ભાગ લીધો હતો. આ પ્રસંગે ઉત્સાહની છોળો ઉડતી જણાઇ હતી અને સૌ ભાવિક ભકતો ચંડીગાનમાં રસ-મસ્ત થઇ ગયા હતા. કારતક વદ ૮ને દિને યજ્ઞ થરૂ થયો અને ત્રણ દિવસ ચાલુ રહી ત્રીજા દિને મધરાતે સમારંભ પૂર્ણ થયો.

<u>શ્રી. અમીચંદના છંદ.</u>

છેલ્લા દિવસે શ્રી. અમીચંદનો સત્કાર થયો અને શ્રી વિઠ્ઠલ મંદિરના મહારાજ તરફે સરદાર જનાર્દન વીરભદ્ર પાઠકજીએ શ્રી. અમીચંદનો ઉપકાર માન્યો ને તે પ્રસંગે માનનીય પ્રવચન કર્યું. તેમણે શ્રી. અમીચંદ તરફથી ત્રણ દિવસ દરમિયાન રજુ થયેલી વિવિધ પ્રકારની છંદોની રસથાળની

મુક્તકંઠે પ્રશંસા કરી. વધુમાં કહ્યું કે મહાત્મા શ્રી તુલસીદાસે શ્રી રામચન્દ્રનાં પરાક્રમો ગાયાં, મહાત્માશ્રી સૂરદાસે શ્રી કૃષ્ણનાં પરાક્રમો ગાયાં, જ્યારે શ્રી. અમીચંદ મહામાયા અંબાજીના પરાક્રમો ગાઇ રહ્યા છે. માટે તેઓ પણ મહાત્મા છે. તેઓ જીવંત છે ત્યાં સુધી કદાચ મારા કથનમાં સંશય લાગશે, પણ પછીથી તેમને મહાત્મા તરીકે સૌ કોઇ સ્વીકારશે. ભક્તિભજનો ઉપરાંત તેઓ જનસમાજના વહેમો, બદીઓ, વગેરે ટાળવા માટે પણ અનેક છંદો ગાય છે. અમીચંદના છંદ કેવા છે? તો કે

'અમીચંદકો છંદકો, જિનકો લાગ્યો છંદ,
ભક્તિજ્ઞાન પાવે ખચિત, કયોં ન હોય મતિમંદ.'

તેઓ જૈનશાસનને માનનારા હોવા છતાં હિન્દુ ધર્મશાસ્ત્રોના ઉંડા અભ્યાસી છે.

રાજા ભોજ ને વણકર.

રાજા ભોજ એક વિદ્વાન અને મહાન નૃપેન્દ્ર તરીકે હિન્દમાં પ્રસિદ્ધ છે. સંસ્કૃત ભાષા પર એને અદ્‌ભુત પ્રેમ અને પક્ષપાત હતો. તેના ફળરૂપ એક વખત એના તરફથી એવી આજ્ઞા પ્રસિદ્ધ થઇ કે એના રાજ્યમાં રહેનાર સર્વે વ્યક્તિઓએ સંસ્કૃત કાવ્ય રચવાં. આવું ફરમાન અમલમાં મૂકાવવું અશક્ય છે, છતાં રાજ્યસત્તા તરફથી આવા હુકમો ક્વચિત બહાર પડે છે, ને તેનો સુરતના લોકોને અનુભવ નથી એમ નથી. માત્ર ફુટપાથ ઉપરજ ચાલવું એવો હુકમ રાજા ભોજના હુકમને કંઇક અંશે મળતોજ લાગે છે. પ્રસંગ

એવો બન્યો કે એક સિપાઇદાદાને એક વણકર કે જે રાજા ભોજનો પ્રજાજન હતો તેની સાથે કંઇ કચાકચ થઇ. પણ કોઇ રીતે પેલા વણકરને સતાવાય એમ ન હોવાથી સિપાઈદાદાએ તેને પૂછયું કે તું કાવ્ય રચે છે કે નહિ, ત્યારે પેલા વણકરે ના પાડી. એટલે સિપાઈ તેને રાજાના દરબારમાં ઘસડી ગયો અને ફરિયાદ કીધી કે આ વણકર મહારાજાની આજ્ઞાની અવજ્ઞા કરીને કાવ્ય રચતો નથી. રાજાએ તેને પૂછયું કે "काव्यम् न करोसि किम्?" તેજ વખતે જાણે શ્રી મહાસરસ્વતી શારદાદેવીએ તે વણકર પર કૃપાદ્રષ્ટિ કીધી હોય તેમ તે બોલ્યો:

"काव्यम् करोमि, नहि चारुतरम् करोमि,"
"यत्नात् करोमि यदि, चारुतरम् करोमि,"
"भूपाल मुकुट मणिमंडित पादपींठ,"
"हें साहासांक कवयामि वयामि यामि।"

એટલે વણકરે કહ્યું કે કાવ્ય તો હું કરૂં પણ સારૂં કાવ્ય નથી કરી શકતો; પ્રયત્ન કરૂં તો સારૂં કાવ્ય કરી શકું. અન્ય રાજાઓના મુગટના મણીઓના ચમકાટ જેના આસન અને પગ પર પડે છે એવા હે નૃપેન્દ્ર, અરે આપ કેટલા અવિચારી છો! હું કવન કરૂં કે મારૂં વણવાનું કામ કરૂં (કુટુંબના પોષણાર્થે) કે હું ગમન કરૂં (આજ્ઞા આપો તો).

સુધા ક્યાં?

આવા સંસ્કૃત વાતાવરણવાળા રાજા ભોજની પંડિતસભામાં એકવાર પ્રશ્ન નીકળ્યો કે સુધા એટલે અમૃત ક્યાં હોય છે? રાજા ભોજની સભા અને તે પણ પંડિતોની, એટલે વાદ થાય

કે વાત થાય તે સંસ્કૃતમાંજ હોય. રાજા ભોજે પ્રશ્ન કીધો કે "हे पंडिता: सुधा कुत्र वसति ?" ત્યારે એક પંડિતે કહ્યું કે "अब्धौ" એટલે સમુદ્રમાં, બીજાએ કહ્યું કે "विधौ" એટલે ચંદ્રમામાં, ત્રીજાએ કહ્યું કે "वधूमुखे" એટલે વહુના મુખમાં, ચોથાએ કહ્યું કે "फणिनाम् निवासे" એટલે ફણીધરોના રહેઠાણમાં, ત્યારે પાંચમા પંડિતે કહ્યું કે "स्वर्गे सुधा वसति वै विबुधा वदन्ति ॥" એટલે બુદ્ધિમાનો કહે છે સુધા એટલે અમૃત તો સ્વર્ગમાં વાસ કરે છે. આમ પંડિતોએ જુદો જુદો જવાબ આપ્યો એટલે સુધાનું સ્થાન અનિશ્ચિતજ રહ્યું. ત્યારે ભોજ રાજાએ કાલિદાસ પંડિતના સામું જોયું ત્યારે તેઓએ આ પાંચે સ્થાનોમાં સુધા હોવાની ના પાડી અને તેઓ નિચે પ્રમાણે કારણો દર્શાવીને બોલ્યા:

"क्षारं, क्षियं, पतिमृतं, गरल, पतन्ति,
कंठे सुधा वसति वै भगवज्जनानाम् ॥"

એટલે સમુદ્ર ખારો છે, ચંદ્રને ક્ષય રોગ થયો છે, વધૂમુખામૃતનુ પાન કરનાર પતિ મૃત્યુ પામે છે, ફણીધરોના મુખમાં ગરલં એટલે ઝેર હોય છે અને સ્વર્ગે સ્થાન પામેલાઓ પુણ્ય પૂર્ણ થતાં પૃથ્વી પર પાછા આવે છે, માટે આ પાંચે માંથી કોઇ જગાએ અમૃત નથી, પણ ભગવતૃજનોના કંઠમાં અમૃત વાસ કરીને રહે છે. કાલિદાસ પંડિતની આ કલ્પના આજ ત્રણ દિવસ થયા સાચી પડેલી આપણને જણાઇ છે. સન્નારીઓ ને સજ્જનો! શ્રી. અમીચંદે તો પોતાનું નામ સાર્થ કરી દેખાડયું છે. એઓશ્રી જ્યાં જાય છે ને શ્રી અંબાજીના

છંદો લલકારે છે ત્યાં 'અમિ' એટલે અમૃતજ જાણે વરસી રહે છે.

છેલ્લે શ્રી. અમીચંદ વિષે કહ્યું કે તેમની ખ્યાતિ મુંબઈના બારાથી તે શૌર્યભૂમિ મારવાડને મેવાડના ઝાંપા સુધી ફેલાઈ રહી છે. આવું રત્ન સુરતની ધરતીમાંથી ઉત્પન્ન થયું માટે સુરતને ધન્ય છે. છેલ્લે વિઠ્ઠલ મંદિરના સંચાલકોને સુંદર સમારંભના અયોજન માટે અભિનંદન આપી શ્રી. અમીચંદને દીર્ઘાયુષ્ય ઈચ્છયું. ગં. સ્વ. શ્રી જયાલક્ષ્મી બ્હેન તરફથી સરદાર પાઠકજીને હસ્તે એક શાલ શ્રી. અમીચંદને અર્પણ થઈ. શ્રી. અમીચંદે વધુ છંદોની રમઝટ જમાવ્યા પછી પ્રસાદ લઈ સમારંભ વિસર્જન થયો હતો

સુરતના "પ્રતાપ" તા. ૨૨-૧૨-૩૪ના
અંકમાંથી ઉતારો-પાનું ૬.



આવૃત્તિ ૨ જી] તા. ૧૫-૧૦-૩૯ [પ્રત ૭૦૦

આ ચોપડી "શ્રી નટવર પ્રિન્ટીંગ પ્રેસ"
સેન્ડહર્સ્ટ રોડ, ખેતવાડી ૭જી ગલી, મુંબઇ-૪ માં
શા. ચુનીલાલ અમીચંદ ઝવેરીએ છાપી,
તેજ ઠેકાણેથી પ્રસિદ્ધ કરી.



